RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 8 * Issue No. 89* Date: 25.01.2022 Tuesday *Page :04 * Rs. 1.00/- *Annual Rs. 351/-

### વર્ષ ૨૦૨૨-૨૩ના બજેટ સત્ર પહેલાં જ ધડાકો

## સંસદમાં ઉપરાષ્ટ્રપતિ સહિત ૮૭૫ કર્મચારીઓ કોરોના સંક્રમિત

નવીદિલ્હી,તા.૨૪

સંસદનું બજેટ સત્ર ૩૧ જાન્યુઆરીથી શરૂ થશે જ્યારે રાષ્ટ્રપતિ બંને ગૃહોની સંયુક્ત બેઠકને સંબોધિત કરશે અને ૮ એપ્રિલે સમાપ્ત થશે. કેન્દ્રીય બજેટ ૧ ફેબ્રુઆરીએ રજૂ કરવામાં આવશે. બજેટ સત્રનો પ્રથમ તબક્કો ૧૧ ફેબ્રુઆરી સુધી ચાલશે. આ પછી, એક મહિનાની રજા પછી, સત્રનો બીજો તબક્કો ૧૪ માર્ચથી શરૂ થશે અને ૮ એપ્રિલ સુધી ચાલશે.કોવિડ સંબંધિત પ્રોટોકોલને અનુસરીને સત્ર હાથ ધરવામાં આવશે. તેમણે માહિતી આપી કે કોવિડના કેસમાં થયેલા વધારાને ધ્યાનમાં રાખીને લોકસભા અને રાજ્યસભાની કાર્યવાહી એકસાથે ચાલશે કે અલગ-અલગ પાળીમાં, તે નક્કી કરવાનું બાકી છે. રાજ્યસભાના અધ્યક્ષ અને ઉપરાષ્ટ્રપતિ એમ વેંકૈયા નાયડુ પણ કોવિડ-૧૯થી સંક્રમિત થયા છે. તેમને બીજી વખત કોવિડ-૧૯નો ચેપ લાગ્યો છે.

ઉપરાષ્ટ્રપતિ સચિવાલયે ટ્વિટ કર્યું, 'ઉપરાષ્ટ્રપતિ એમ વેંકૈયા નાયડુ આજે કોવિડ-૧૯થી



સંક્રમિત હોવાની પુષ્ટિ થઈ છે, તેઓ હાલ હૈદરાબાદમાં છે. તેણે એક અઠવાડિયા માટે આઈસોલેશનમાં રહેવાનો નિર્ણય લીધો છે. તેમણે તેમના સંપર્કમાં આવેલા તમામ લોકોને ટેસ્ટ કરાવવા અને સેલ્ફ-આઈસોલેટ થવાની સલાહ આપી છે.તે બુધવારે ગણતંત્ર દિવસની ઉજવણીમાં ભાગ લે તેવી શક્યતા નથી. વર્ષ ૨૦૨૨-૨૩ના બજેટ પહેલા સંસદમાં ૮૭૫ કર્મચારીઓ કોરોના પોઝિટિવ મળ્યા છે. સંસદ સચિવાલયે માહિતી આપી હતી કે ૩૧ જાન્યુઆરીથી શરૂ થઈ રહેલા સંસદના બજેટ સત્ર પહેલા રાજ્યસભાના અધ્યક્ષ અને ઉપરાષ્ટ્રપતિ એમ વેંકૈયા નાયડુ તેમજ ગૃહના ૮૭૫ કર્મચારીઓ કોવિડ-૧૯થી સંક્રમિત જોવા મળ્યા છે. આ આંકડો મહામારીની ત્રીજી લહેર શરૂ થયા બાદ ૨૦ જાન્યુઆરી સુધી કરવામાં આવેલા ટેસ્ટના છે. સત્ર ૩૧ જાન્યુઆરીથી શરૂ થવાનું છે અને તેનો પ્રથમ તબક્કો ૧૧ ફેબ્રુઆરીએ સમાપ્ત થશે. સંસદમાં ત્રીજી લહેર શરૂ થઈ ત્યારથી અત્યાર સુધીમાં ૨,૮૪૭ તપાસ કરવામાં આવી છે અને તેમાંથી ૮૭૫ લોકોના તપાસ રિપોર્ટ પોઝિટિવ આવ્યા છે. સંસદ સચિવાલયે કહ્યું કે રાજ્યસભા સચિવાલય દ્વારા કુલ પરીક્ષણોમાંથી ૯૧૫ પરીક્ષણો કરવામાં આવ્યા હતા અને ૨૭૧ નમૂનાઓના રિપોર્ટ પોઝિટિવ આવ્યા હતા.

## પ્રિયંકા ગાંધીના નેતૃત્વમાં કોંગ્રેસે ટિકિટ આપી છતાં નેતાઓ પાર્ટી છોડી

ઉત્તરપ્રદેશ,તા.૨૪

કોંગ્રેસે તાજેતરમાં જ ૧૨૫ ઉમેદવારોની પ્રથમ યાદી જાહેર કરી હતી અને તેના બીજા જ દિવસે રામપુરની સ્વાર ચમારવા બેઠક પરથી ટિકિટ મેળવનાર યુસુફ અલી યુસુફ સમાજવાદી પાર્ટીમાં જોડાયા હતા. જોકે, તેમને સપામાં ટિકિટ ન મળી અને તેઓ કોંગ્રેસમાં પાછા ફર્યા. સાથે જ કોંગ્રેસના નેતાઓનું કહેવું છે કે આવા નેતાઓને ફરીથી પાર્ટીમાં લેવા જોઈએ નહીં. કારણ કે તેમના કારણે પાર્ટીમાં ખોટો સંદેશો જઈ રહ્યો છે. આ સાથે કોંગ્રેસને બીજો આંચકો રામપુરમાં જ લાગ્યો હતો અને પાર્ટીના ઉમેદવાર હૈદર અલી ખાન ઉર્ફે હમઝા મિયાંએ કોંગ્રેસ છોડીને અપના દળ (સોનેલાલ) સાથે હાથ મિલાવ્યા હતા. કહેવામાં આવી રહ્યું છે કે, અપના દળ તેમને સ્વાર બેઠક પરથી ટિકિટ આપી રહ્યું છે. આટલું જ નહીં, કોંગ્રેસ દ્વારા બરેલીના ઉમેદવાર જાહેર કરાયેલા સુપ્રિયા એરોન પોતાના પતિ અને કોંગ્રેસના પૂર્વ સાંસદ પ્રવીણ સિંહ એરોન સાથે સપામાં જોડાઈ ગયા. જ્યારે હારુન પરિવાર ઘણા દાયકાઓથી ગાંધી પરિવારની નજીક છે. તે સપામાં આવ્યા પછી પાર્ટીએ તેને બરેલી કેન્ટ બેઠક પરથી ઉમેદવાર જાહેર કર્યા છે. તાજેતરમાં જ પાર્ટીની પોસ્ટર ગર્લ ગણાતી પ્રિયંકા મૌર્ય પણ પાર્ટી છોડીને ભાજપમાં જોડાઈ છે. જ્યારે પશ્ચિમ ઉત્તર પ્રદેશમાં કોંગ્રેસને છોડીને અન્ય પક્ષોના ઘણા ઉમેદવારોએ સભ્યપદ લીધું છે.ઉત્તર પ્રદેશ વિધાનસભા ચૂંટણી પહેલા કોંગ્રેસની મુશ્કેલીઓ વધી ગઈ છે. રાજ્યમાં કોંગ્રેસની સ્થિતિ નબળી છે અને કોંગ્રેસ મહાસચિવ પ્રિયંકા ગાંધી વાડ્રા રાજ્યમાં પાર્ટીને પુનઃસ્થાપિત કરવા માટે રાજ્યમાં અનેક રાજકીય દાવ રમી રહ્યા છે.

## પાકિસ્તાનની જેલમાં બંધ ભારતીય ૨૦ માછીમારનો છુટકારો

પાકિસ્તાન,તા.૨૪

પાકિસ્તાની મરીન દ્વારા માછીમારોનું અપહરણ કરાયા બાદ કોઈ બે વર્ષથી તો કોઈ ત્રણ વર્ષથી પાકિસ્તાની જેલમાં બંધ હતા. તમામના પરિવારજનો પોતાના પરિજન પાકિસ્તાનની જેલમાંથી પરત આવે તેની રાહ જોઈ રહ્યા હતા. બીજી તરફ જેલમાં બંધ માછીમારો પણ પરિવારના વિરહથી દુઃખી હતા. હવે આ માછીમારો વતન પરત આવવાના છે, ત્યારે માછીમારોના પરિવારોમાં ઉત્સાહ સાથે ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે. માછીમારો લાંબો સમય જેલમાં રહ્યા બાદ માદરે વતન પરત ફરવાના છે, ત્યારે માછીમાર પરિવારો પોતાના સ્વજનના આવવાની તૈયારીઓ કરી રહ્યા છે સાથે જ પાકિસ્તાનની જેલમાં બંધ પોતાના અન્ય સાથીઓને પણ વહેલી તકે મુક્ત કરાવવાની માગ પણ કરી રહ્યા છે.

## ૨૫ વર્ષ ભાજપ સાથે ગઠબંધન કરીને વેડફ્યા : ઉદ્ધવ ઠાકરે

મહારાષ્ટ્ર,તા.૨૪

બાળાસાહેબની જન્મજયંતિ નિમિત્તે આયોજિત વર્ચ્યુઅલ ઈવેન્ટ દરમિયાન ઠાકરેની સાથે શિવસેનાના નેતા સંજય રાઉતે પણ ભાજપ પર નિશાન સાધ્યું હતું. સંજય રાઉતે કહ્યું કે જો ઉદ્ધવ ઠાકરે રાજ્ય સરકારના મુખ્યમંત્રી ન હોત તો કેન્દ્ર સરકાર રાજ્ય સરકારને લકવાગ્રસ્ત કરી દેત. તેમણે શિવસૈનિકોને કહ્યું કે આપણે આપણા પક્ષના વડા, રાજ્યના મુખ્યમંત્રી અને શિવસેનાની સાથે મજબૂતીથી ઊભા રહેવાનું છે. આ લડાઈ સરળ નથી.મહારાષ્ટ્રના મુખ્યમંત્રી અને શિવસેના પ્રમુખ ઉદ્ધવ ઠાકરેએ ગઠબંધનને લઈને ભાજપ પર નિશાન સાધ્યું છે. ઉદ્ધવ ઠાકરેએ કહ્યું કે તેઓ માને છે કે શિવસેનાએ ભાજપ સાથે ગઠબંધન કરીને ૨૫ વર્ષ વેડફ્યા છે. પાર્ટીના સ્થાપક અને તેમના પિતા બાલ ઠાકરેની ૯૬મી જન્મજયંતિ પર શિવસૈનિકોને સંબોધતા ઉદ્ધવે કહ્યું કે ભાજપનું હિન્દુત્વ સત્તા માટે છે. ઉદ્ધવ ઠાકરેએ કહ્યું કે શિવસેનાએ ભાજપને છોડી દીધું છે, હિન્દુત્વને નહીં. હું માનું છું કે ભાજપનું તકવાદી હિન્દુત્વ સત્તા માટે છે. હકીકતમાં, ૨૦૧૯ની મહારાષ્ટ્ર ચૂંટણી પછી, શિવસેનાએ ભાજપથી અલગ થઈને મહા વિકાસ અઘાડી (MVA) સરકાર બનાવવા માટે NCP અને કોંગ્રેસ સાથે ગઠબંધન કર્યું. ઉદ્ધવ ઠાકરેએ કહ્યું કે, અમિત શાહ પુણે આવ્યા હતા અને હિંમત હોય તો એકલા લડવા પડકાર ફેંક્યો હતો. અમે એકલા લડવા તૈયાર છીએ પરંતુ મારી શરત છે કે તમે તમારી શક્તિનો ઉપયોગ સરકારના રૂપમાં ન કરો. અમે અમારી શક્તિનો પણ ઉપયોગ નહી કરીએ. ચાલો બે રાજકીય પક્ષો તરીકે લડીએ. પછી આપણે જોઈશું કે કોણ વધુ શક્તિશાળી છે. ઈડી, ઈક્મટેક્સનો ઉપયોગ કરવો અને પછી લડવું એ યોગ્ય નથી. ઠાકરેએ કહ્યું, 'ભાજપનો સિદ્ધાંત ઉપયોગ કરો અને ફેંકો નીતિ છે.

## ભારતમાં ૧૦૦થી વધુ આતંકવાદી ઘૂસણખોરી કરવાની તૈયારીમાં

ન્યુદિલ્હી, તા.૨૪

આતંકવાદીઓની ઘૂસણખોરીને નિષ્ફળ બનાવવા માટે દરેક વ્યક્તિ સંપૂર્ણ રીતે તૈયાર છે. આ માટે ઘૂસણખોરી વિરોધી મિકેનિઝમની નિયમિત સમીક્ષા કરવામાં આવી રહી છે. સેના અને અન્ય સુરક્ષા એજન્સીઓ પણ સંપૂર્ણ સહયોગ આપી રહી છે. જેથી દુશ્મનની કોઈપણ કાર્યવાહીનો જડબાતોડ જવાબ આપી શકાય. અધિકારીએ ડ્રોનના ખતરાને નવો પડકાર ગણાવ્યો હતો. એ પણ કહ્યું કે, આતંકવાદીઓ અને પાકિસ્તાની ગુપ્તચર એજન્સીઓના ગુંડાઓ તેનો ઉપયોગ ભારતના વિસ્તારોમાં હથિયારો અને માદક દ્રવ્યોની દાણચોરી કરવા માટે કરે છે. તે જ સમયે, તેઓ પ્રવૃત્તિઓ પર નજર રાખવા માટે ડ્રોનનો ઉપયોગ પણ કરે છે, જેનો સામનો કરવા માટે અમે સંપૂર્ણ રીતે તૈયાર છીએ. આ માટે એન્ટી ડ્રોન સિસ્ટમના ઉપયોગની સાથે ડ્રોન પણ ખરીદવામાં આવી રહ્યા છે.બોર્ડર સિક્યોરિટી ફોર્સના આઈજી રાજા બાબુ સિંહે વિસ્તારની વર્તમાન સ્થિતિ વિશે માહિતી આપી હતી. તેમણે કહ્યું કે, આતંકવાદીઓ હજુ પણ સરહદ પાર હાજર છે અને ઘૂસણખોરીનો પ્રયાસ કરી રહ્યા છે. BSF IGએ કહ્યું, "કાશ્મીરમાં LoC પર સામાન્ય શાંતિ છે.

વર્ષ ૨૦૨૧માં ઘૂસણખોરીના ૫૮ પ્રયાસો થયા હતા, જેમાં ૫ આતંકવાદીઓ માર્યા ગયા હતા. એવા અહેવાલો છે કે, ૧૦૦ થી વધુ આતંકવાદીઓ હજુ પણ એલઓસી પાર ઘૂસણખોરી કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. તેમણે કહ્યું કે, અમારી નજર સતત આતંકવાદીઓની ગતિવિધિઓ પર છે. BSF હેડક્વાર્ટર હુમહામા ખાતે આયોજિત વાર્ષિક કોન્ફરન્સ દરમિયાન, રાજા બાબુ સિંહે પત્રકારો સાથે વાત કરી અને તેમના પ્રશ્નોના જવાબ આપ્યા. તેમણે કહ્યું કે, યુદ્ધવિરામ સમજૂતી બાદ નિયંત્રણ રેખા પર શાંતિ છે, પરંતુ પાકિસ્તાનની મદદથી આતંકવાદીઓએ અહી ઘણી વખત ઘૂસણખોરી કરવાનો પ્રયાસ કર્યો છે. અમારા જવાનો આ બધાનો સામનો કરવા તૈયાર છે. તેઓ બરફ અને વરસાદમાં સરહદ પર સંપૂર્ણ તત્પરતાથી તકેદારી રાખી રહ્યા છે. બીએસએફ આઈજીએ વધુમાં કહ્યું કે, પીઓકેમાં સરહદ પારથી આતંકવાદી ગતિવિધિઓ શોધી કાઢી છે. તેમને એવા ઈનપુટ મળ્યા છે કે, લોન્ચિંગ પેડ પર હજુ પણ ૧૦૪ થી ૧૩૫ આતંકીઓ છે. જેઓ આ બાજુ ઘુસણખોરી કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. તેઓ માત્ર કોઈ તક શોધી રહ્યા છે. ઘૂસણખોરીને સફળ બનાવવા માટે, જે ગાઈડ નિયંત્રણ રેખાને અડીને આવેલા ગામોમાં હતા તેઓ નિયંત્રણ રેખાની બીજી બાજુ ગયા છે. માહિતી મળતાની સાથે જ તેમની ગતિવિધિઓ પર નજર રાખવામાં આવી રહી છે. અહેવાલો અનુસાર આ માર્ગદર્શિકાઓને લોન્ચિંગ પેડ દ્વારા આતંકવાદીઓને આ તરફ લાવવાનું કામ સોંપવામાં આવ્યું છે.

## તાલિબાની સરકારના અધિકારીઓની નોર્વેના પ્રતિનિધિઓ સાથે બેઠક

કાબુલ,તા.૨૪

ઓગસ્ટમાં તાલિબાને અફઘાનિસ્તાન પર કબજો કર્યા બાદ આ પ્રથમ વખત છે, જ્યારે તેના પ્રતિનિધિઓની યુરોપમાં સત્તાવાર બેઠક થઈ છે. આ પહેલા તેણે રશિયા, ઈરાન, કતર, પાકિસ્તાન, ચીન અને તુર્કમેનિસ્તાનની યાત્રા કરી હતી. આ બેઠક તાલિબાનના કબજા પહેલા અફઘાનિસ્તાનમાં હાજર રહેલા ઉત્તરી એટલાન્ટિક સંધિ સંગઠન (નાટો) ના એક સભ્ય દેશ નોર્વેમાં થઈ રહી છે. તેવામાં આ બેઠક બાદ ફરી તે ચર્ચા શરૂ થઈ ગઈ છે કે શું યુરોપીયન દેશ તાલિબાન સરકારને માન્યતા આપે છે.અફઘાનિસ્તાનના કાર્યવાહક વિદેશ મંત્રી આમિર ખાન મુત્તાકીની આગેવાનીમાં તાલિબાનના એક પ્રતિનિધિમંડળે પશ્ચિમી દેશ નોર્વેની સરકારના અધિકારીઓ અને અફઘાન નાગરિક સંસ્થાઓના પ્રતિનિધિઓ સાથે ઓસ્લોમાં રવિવારે ત્રણ દિવસીય વાર્તા શરૂ કરી છે. અફઘાનિસ્તાનમાં બગડતી માનવી સ્થિતિ વચ્ચે આ વાર્તા થઈ રહી છે. આ બેઠક નોર્વેની રાજધાની ઓસ્લોના ઉપરી વિસ્તારમાં બરફથી ઢંકાયેલા પહાડો પર બનેલી એક હોટલમાં થઈ રહી છે. આ પહેલા નોર્વેના વિદેશ મંત્રી એનીકેટ હુઇટફેલ્ટે તે વાત પર ભાર આપ્યો હતો કે આ વાર્તાનો અર્થ તાલિબાને કાયદેસર ગણાવવું કે માન્યતા આપવાનો નથી. તાલિબાનની સાથે બેઠકના વિરોધમાં રવિવારે આશરે ૨૦૦ પ્રદર્શનકારીઓએ નોર્વેના વિદેશ મંત્રાલયના કાર્યાલય સમક્ષ એકઠા થયા હતા. તાલિબાનને કોઈ અન્ય દેશે રાજદ્વારી માન્યતા આપી નથી.

## ૨૬મી જાન્યુઆરીના દિવસે દલેર મહેંદી ખાસ પરફોર્મન્સ આપશે

નવીદિલ્હી,તા.૨૪

દલેર મહેંદીના નામની પાછળ પણ ખાસ કિસ્સો છે. તેમના માતા પિતાએ તે સમયે ડાકૂ દલેર સિંહના નામથી પ્રભાવિત થઈને તેમનું નામ રાખ્યું હતું. જ્યારે દલેર મોટા થયા તો જાણીતા ગાયક પરવેઝ મહેંદીના નામ પર તેમના નામની આગળ સિંહની જગ્યાએ મહેંદી જોડી દેવામાં આવ્યું, આ રીતે દલેર સિંહ દલેર મહેંદી બની ગયા. ૧૧ વર્ષની ઉંમરમાં દલેરે ગાવાનું શીખવા માટે ઘર છોડ્યું હતું. તેઓ ગોરખપુર ઉસ્તાદ રાહત અલી ખાન સાહેબને ત્યાં પહોંચ્યા હતા. આ પછી ૧૩ વર્ષની ઉંમરમાં તેમને યૂપીના જૌનપુરમાં પોતાનું પહેલું સ્ટેજ પરફોર્મન્સ આપ્યું. દલેર મહેંદીના ડેબ્યૂ આલ્બમની વાત કરીએ તો તે તારા રાપ છે. આ પછી દલેર મહેંદી પોપ સ્ટાર બન્યા. તેમને અનેક એવોર્ડ પણ મળ્યા. તેમના ફેમસ ગીતોમાં દર્દી રબ રબ, તુનક તુનક તુન, ના ના ના રે, રંગ દે બસંતી, દંગલ ટ્રાઈટલ ટ્રેક સહિત અન્ય પણ છે.દેશમાં ગણતંત્ર દિવસની તૈયારીઓ ચાલુ થઈ ચૂકી છે ત્યારે એક ખાસ સમાચાર આવી રહ્યા છે. જાણીતા પંજાબી સિંગર દલેર મહેંદી આ દિવસે પહેલા મેટાવર્સ કોન્સર્ટમાં પરફોર્મન્સ આપવાની તૈયારી કરી ચૂક્યા છે. તેમના ફેન્સ "ક્રિઅિદ્રૈ" પર તેમનું પરફોર્મન્સ માણી શકશે. તેઓએ આ કોન્સર્ટની જાણકારી ઈન્સ્ટાગ્રામ પર પણ આપી છે. દલેર મહેંદીએ આ પગલું દેશમાં ફેલાઈ રહેલા કોરોના વાયરસને લઈને ઉઠાવ્યું છે. ઉલ્લેખનીય છે કે કોઈ પણ મોબાઈલ કે પીસીની મદદથી દલેર મહેંદીના આ કોન્સર્ટ સાથે જોડાઈ શકાશે.

પરફોર્મન્સના સમયે દલેર પોતાના હિટ સોન્ગ્સને રજૂ કરશે. તેમાં નમોહ નમોહ, ઈન્ડિયા ઈન્ડિયા અને જાગો ઈન્ડિયા જેવા સોન્ગ્સ પણ સામેલ કરાશે. મેટાવર્સ કોન્સર્ટ શાનદાર છે કેમકે તેની મદદથી આર્ટિસ્ટ દેશ દુનિયામાં ક્યાંયથી પણ લાઈવ પરફોર્મન્સ કરી શકે છે. અન્ય તરફ દર્શક પણ આરામથી ઘરેબેઠા આ પરફોર્મન્સની મજા લઈ શકે છે. મેટાવર્સ સંગીતકારોને વધારે ક્રિએટિવિટીનો અવસર આપે છે. હોલિવુડની ફિલ્મોમાં મોટા લેવલ પર મેટાવર્સનો ઉપયોગ કરીને દર્શકોનું મનોરંજન કરાય છે. ૫૪ વર્ષના દલેર મહેંદી ગીતકાર, લેખક અને રેકોર્ડ પ્રોડ્યુસર પણ છે. તેમના ગીતો દેશમાં જ નહી પણ દુનિયાભરમાં પસંદ કરાય છે.

## નેતાજીની હોલોગ્રામ પ્રતિમા ઈતિહાસનો બહુપ્રતીક્ષિત સુધારો : વિદેશ મંત્રી

નવીદિલ્હી,તા.૨૪

નેતાજીની હોલોગ્રામ પ્રતિમાનું અનાવરણ કર્યા પછી એક સભાને સંબોધતા, વડા પ્રધાને કહ્યું હતું કે, ૨૦૪૭ માં દેશની આઝાદીના સોમા વર્ષ પહેલા વિશ્વની કોઈ પણ શક્તિ 'નવા ભારત'ના નિર્માણનું લક્ષ્ય પ્રાપ્ત કરતા અટકાવી શકશે નહીં. આ સાથે જ કોંગ્રેસની અગાઉની સરકારો પર આડકતરી રીતે નિશાન સાધતા તેમણે કહ્યું કે, આઝાદી બાદ દેશની સંસ્કૃતિ અને પરંપરાઓ સાથે અનેક મહાન વ્યક્તિઓના યોગદાનને ભૂંસી નાખવાના પ્રયાસો કરવામાં આવ્યા હતા, પરંતુ આજે દેશ આ ભૂલોને સુધારી રહ્યો છે. પીએમે કહ્યું કે, આપણે નેતાજી બોઝની "કેન ડુ" અને "વીલ ડુ"ની ભાવનામાંથી પ્રેરણા લઈને આગળ વધવું પડશે. બોઝે આપણામાં આઝાદ અને સાર્વભૌમ ભારત હોવાનો



આત્મવિશ્વાસ જગાવ્યો અને બ્રિટિશ શાસકોને ગર્વ, સ્વાભિમાન અને હિંમત સાથે કહ્યું કે, તેઓ આઝાદીની ભીખ નહીં માંગે પણ તેને હાંસલ કરશે. આ એક ઐતિહાસિક દિવસ છે, એક ઐતિહાસિક સ્થળ છેપઆ પ્રતિમા આપણા રાષ્ટ્ર પ્રત્યેના તેમના યોગદાન માટે યોગ્ય શ્રદ્ધાંજલિ છે. સ્વતંત્રતા સંગ્રામમાં લાખો દેશવાસીઓની તપસ્યા સામેલ હતી પરંતુ તેમના ઈતિહાસને પણ સીમિત કરવાના પ્રયાસો કરવામાં આવ્યા હતા. પરંતુ આજે આઝાદીના દાયકાઓ પછી દેશ તે ભૂલોને સુધારી રહ્યો છે. મોદીએ બિરસા મુંડાના સન્માનમાં આદિવાસી ગૌરવ દિવસની શરૂઆત કરી, ડૉ. ભીમ રાવ આંબેડકર સાથે સંકળાયેલા ઐતિહાસિક સ્થળોના નિર્માણ અને પ્રચાર માટે, સરદાર પટેલની યાદમાં સ્ટેચ્યુ ઑફ યુનિટીનું નિર્માણ, ભૂતકાળની ભૂલોને સુધારવા જેવા પગલાંનો ઉલ્લેખ કર્યો. . વડાપ્રધાને કહ્યું કે, લોકો હવે આઝાદીના સોમા વર્ષમાં નેતાજીના સપનાને સાકાર કરવાનું લક્ષ્ય રાખશે. તેમની સરકારે આંદામાનમાં એક ટાપુનું નામ નેતાજીના નામ પર રાખવાનો અને તેમની જન્મજયંતિને પરાક્રમ દિવસ તરીકે ઉજવવાનું પણ નક્કી કર્યું છે. હોલોગ્રામ પ્રતિમા ૩૦,૦૦૦ લ્યુમેન ૪દ્ધ પ્રોજેક્ટર દ્વારા સંચાલિત કરવામાં આવશે. એક અદ્રશ્ય ૯૦ ટકા પારદર્શક હોલોગ્રાફિક સ્ક્રીન એવી રીતે મૂકવામાં આવે છે કે તે મુલાકાતીઓને જોઈ શકાતી નથી. સરકારે કહ્યું છે કે હોલોગ્રામની અસર બનાવવા માટે તેના પર નેતાજીની ઉડી તસવીર મૂકવામાં આવશે. આ પ્રતિમાનું કદ ૨૮ ફૂટ ઊંચું અને ૬ ફૂટ પહોળું છે.વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે સ્વતંત્રતા સેનાની નેતાજી સુભાષ ચંદ્ર બોઝની ૧૨૫મી જન્મજયંતિ પર રાષ્ટ્રીય રાજધાનીના ઈન્ડિયા ગેટ ખાતે તેમની હોલોગ્રામ પ્રતિમાનું અનાવરણ કર્યું હતું. આ દરમિયાન વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે નેતાજીની હોલોગ્રાફિક પ્રતિમાના અનાવરણની પ્રશંસા કરતા કહ્યું કે, તે "ઈતિહાસનો લાંબા સમયથી રાહ જોવાતો સુધારો" છે. તેમણે ટ્વિટર પર એમ પણ કહ્યું કે આ ન્યૂ ઈન્ડિયાનો સંદેશ છે. વિદેશ મંત્રી જયશંકરે પોતાના પ્રથમ ટ્વીટમાં કહ્યું કે, "ઈન્ડિયા ગેટ પર નેતાજી સુભાષ ચંદ્ર બોઝની હાજરી ઈતિહાસમાં લાંબા સમયથી રાહ જોવાતી સુધારણા છે. સામ્રાજ્યવાદ સામે લડનાર અને સંસ્થાનવાદનો અંત લાવવા દબાણ કરનાર નેતાને યોગ્ય રીતે ઓળખવામાં આવે છે. દુનિયા સાથે વ્યવહાર કરતી વખતે આપણે આપણી જાત પ્રત્યે સાચા રહીશું.

# તંત્રી સ્થાનેથી...

## દેશમાં ક્રિપ્ટો કરન્સી ટ્રેડિંગને નિયંત્રિત કરતો કોઈ કાયદો નથી



*ઇઝરાયેલ ગુપ્તચર સંસ્થા મોસાદની આગેવાની બાદ ભારતીય એજન્સીઓએ આ ચોરી પકડી પાડી છે. આ રીતે તપાસ કરવામાં આવી હતી. થોડા મહિના પહેલા દિલ્હી પોલીસ કમિશનર રાકેશ અસ્થાનાએ આ મામલાની પ્રાથમિકતાના આધારે તપાસ કરવાનું કહ્યું હતું. મલ્ટી-એન્ગલ સ્પેશિયલ સેલના ઈન્ટેલિજન્સ ફ્યુઝન અને સ્ટ્રેટેજિક ઓપ્સ યુનિટમાં ડીસીપી કેપીએસ મલ્હોત્રાના નેતૃત્વમાં એક વિશેષ ટીમ બનાવવામાં આવી હતી. ચોરાયેલી ક્રિપ્ટોકરન્સીના કેટલાક રીસીવરોની ઓળખ કરવામાં આવી હતી. રીસીવરોમાંથી ઇઝરાયેલની ગુપ્તચર એજન્સી દ્વારા ફ્લેગ કરાયેલ એકાઉન્ટમાંથી મેચ એકસાથે થઈ. આ ઘટસ્ફોટથી ભારતીય સુરક્ષા એજન્સીઓ ચિંતિત છે. આનો અર્થ એ થયો કે મની લોન્ડરિંગનો ઉપયોગ વૈશ્વિક આતંકવાદને પ્રોત્સાહન આપવા માટે થઈ શકે છે. તેમાં હમાસની લશ્કરી પાંખ અલ-કાસમ બ્રિગેડ દ્વારા સંચાલિત અને જાળવણી કરવામાં આવતા ક્રિપ્ટો વોલેટ વિશેની માહિતી સામે આવી છે આ કિસ્સામાં, દિલ્હીના વેપારીની ફરિયાદ બાદ, તેના ક્રિપ્ટો વોલેટની વિગતો અન્ય એકાઉન્ટ્સ સાથે ડાર્કનેટ પર અપલોડ કરવામાં આવી હતી. ટ્રેસર ટૂલ્સની શ્રેણીનો ઉપયોગ કરીને પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે પીડિતનું ઉપકરણ હેક કરવામાં આવ્યું હતું. તે પછી તેની સંમતિ અને ચલણ ત્રણ અલગ-અલગ ખાતામાં જાણ કર્યા વગર ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા. ગયા વર્ષે જુલાઈમાં, ઈઝરાયેલના સંરક્ષણ મંત્રાલયના નેશનલ બ્યુરો ઓફ ડિફેન્સ કાઉન્ટર ટેરર ??ફાઇનાન્સિંગે જાહેરાત કરી કે તેણે હમાસ સાથે જોડાયેલા ઘણા ડિજિટલ વોલેટ્સ જપ્ત કર્યા છે. તે ભારત સહિત અન્ય દેશો સાથે શેર કરવામાં આવ્યું હતું મંત્રાલયે ક્રિપ્ટોકરન્સી ટ્રેકિંગ ફર્મ સાથેના સંયુક્ત ઓપરેશનને પગલે એકાઉન્ટ્સ ફ્રીઝ કરવાનો આદેશ આપ્યો હતો, જે રીતે હમાસ દ્વારા ભંડોળ એકત્ર કરવામાં આવ્યું હતું.હેક માટે વપરાયેલ ઈલેક્ટ્રોનિક વોલેટનું વેબ એકાઉન્ટ્સની યાદી ભારત સહિત વિવિધ દેશો સાથે શેર કરવામાં આવી હતી. દેશમાં ક્રિપ્ટો કરન્સી ટ્રેડિંગને નિયંત્રિત કરતો કોઈ કાયદો નથી. આતંકવાદી જૂથ હમાસ, જેને યુએસ અને યુરોપિયન યુનિયન દ્વારા બ્લેકલિસ્ટ કરવામાં આવ્યું છે, તે ક્રિપ્ટોકરન્સીનો ઉપયોગ કરવા માટે જાણીતું છે. ૨૦૧૯ની શરૂઆતમાં, અલ-કાસમ બ્રિગેડે તેમના સોશિયલ મીડિયા પૃષ્ઠો પર તેમના આતંકવાદી અભિયાનને સંપૂર્ણ રીતે ભંડોળ પૂરું પાડવા માટે બિટકોઈન ફંડની માંગણી કરી હતી. તેણે તેની સત્તાવાર વેબસાઇટ્સ પર પણ આ વિનંતી કરી હતી. તેણે ગુપ્ત રીતે દાન કેવી રીતે કરવું તે અંગે વીડિયો જારી કરી સૂચનાઓ આપી હતી.ઈઝરાયેલનું નાક દબાવનાર હમાસે ભારતમાં એવો 'હુમલો' કર્યો છે, જેને જોઈને ભારતીય સુરક્ષા એજન્સીઓ સ્તબ્ધ થઈ ગઈ છે. હકીકતમાં, હમાસ કે પશ્ચિમ વિહારના એક વેપારીનું એકાઉન્ટ હેક કરવામાં આવ્યું હતું અને તેના એકાઉન્ટની ક્રિપ્ટોકરન્સી ત્રણ અલગ-અલગ એકાઉન્ટમાં ટ્રાન્સફર કરવામાં આવી હતી.*

# ૨૬ જાન્યુઆરી ! ભારતનો ગણતંત્ર દિવસ !

ગણતંત્ર દિવસના ઉપલક્ષ્યમાં સર્વ રાષ્ટ્રપ્રેમી નાગરિકોને હાર્દિક શુભેચ્છા !

૨૬ જાન્યુઆરીના દિવસે આટલું ધ્યાનમાં રાખજો !

૨૬ જાન્યુઆરીના દિવસે આપણે સર્વત્ર રાષ્ટ્રધ્વજ ફરકાવીએ છીએ. મોટા મોટા ભાષણો આપીએ છીએ અને સાંજ પડે ત્યારે રાષ્ટ્રધ્વજ નીચે ઉતારીએ છીએ. પરંતુ બીજા દિવસે રાષ્ટ્રધ્વજ રસ્તા પર, નાળીઓં તેમજ કચરાપેટીઓં દેખાઈ પડે છે. આપણે આપણા રાષ્ટ્રધ્વજનું સન્માન નથી કરતા અને દેશ માટે પ્રાણ ન્યોછાવર કરનારા ક્રાંતિકારીઓના નામોનું પણ આપણને વિસ્મરણ થયું છે.

રાષ્ટ્રભિમાની બનવા માટે આટલું અવશ્ય કરજો !

૧. ભારતના માનચિત્રને સાવચેતીથી હાથ લગાડવો !

૨. રાષ્ટ્રધ્વજનો અપમાન રોકીને તેનો સન્માન જાળવી રાખવો !

૩. દેશભક્તિ પર ગીતો સાંભળવા !

૪. ક્રાંતિકારકોના ચરિત્ર ગ્રથ વાંચવા અને અન્યોને ભેટ તરીકે આપવા !

૫. ક્રાંતિકારકોના ચરિત્ર-




વ્યાખ્યાન અથવા ચલચિત્રોનું આયોજન કરવું !

૬. સંપૂર્ણ વંદે માતરમ્ પ્રત્યેક વિદ્યાલય, મહાવિદ્યાલય, વિશ્વવિદ્યાલય અને કાર્યાલયોમાં ગાવું !

૭. વાતચીત અંગ્રેજીમાં કરવાને બદલે રાષ્ટ્રભાષા હિંદીમાં અથવા તો માતૃભષામાં કરવી!

રાષ્ટ્ર ભક્તિ વધારવા માટે શું કરશો ?

રાષ્ટ્ર પ્રત્યે જો અભિમાન હશે, તો રાષ્ટ્રના પ્રતીકો વિશે પણ આપણા મનમાં આદર રહેશે. રાષ્ટ્રધ્વજ, રાષ્ટ્રગીત, રાષ્ટ્રીય ગીત વન્દે માતરમ્ , રાષ્ટ્રનું માનચિહ્ન ઈત્યાદિ આપણા રાષ્ટ્રીય પ્રતીકો છે. તેમનું યથાયોગ્ય સન્માન કરવું, આપણું રાષ્ટ્રકર્તવ્ય છે. આપણા રાષ્ટ્રપ્રતીકોનું સન્માન કરવું અને જો ક્યાંય પણ તેનું અપમાન થઈ રહ્યું હોય, તો તેને રોકવું, તેથી આપણો રાષ્ટ્રપ્રેમ દેખાઈ આવશે.

રાષ્ટ્રધ્વજનું સન્માન કેવી રીતે કરશો ?

૨૬ જાન્યુઆરી અથવા ૧૫ ઑગસ્ટ ઊજવાઈ ગયા પછી આપણા ધ્યાનમાં આવે છે કે રાષ્ટ્રધ્વજ સડકો પર, રસ્તાને છેડે અહીં-તહી પડ્યા હોય છે. કેટલાક નાળામાં જાય છે તો કેટલાક પગતળે રગદોળાય છે.આપણું રાષ્ટ્રકર્તવ્ય સમજીને આજથી જ આપણે એવી પ્રતિજ્ઞા લઈએ કે રાષ્ટ્રધ્વજનું સન્માન કરવા માટે સદૈવ પ્રયત્નશીલ રહીશું . આપણા વર્ગમાં, વિદ્યાલયના પરિસરમાં, સડક પર ક્યાંય પણ જો રાષ્ટ્રધ્વજ પડેલો જોવા મળે તો તેને ઉપાડીને વિદ્યાલયમાં જમા કરીશું. આપણે પ્લાસ્ટિક અથવા કાગળના રાષ્ટ્રધ્વજનો ઉપયોગ નહીં જ કરીએ.પોતાના વાહન તેમજ કુર્તાના ખીસા પર પણ નહીં લગાડીએ. કેટલાક લોકો રાષ્ટ્રધ્વજને પોતાના મોઢા પર રંગાવી લેતા હોય છે, તો કેટલાક રાષ્ટ્રધ્વજ પ્રમાણે વસ્ત્ર પરિધાન કરે છે, જ્યારે કેટલાક રાષ્ટ્રધ્વજના રંગનો કેક કાપે છે. આ બાબત યોગ્ય નથી. જો આવું ક્યાંય પણ જોવા મળે, તો તેમ કરનારા લોકોને આપણે કહેવું જોઈએ કે તેમ કરવું અયોગ્ય છે અને તેનાથી આપણા રાષ્ટ્રધ્વજનું અપમાન થાય છે. ક્યાંક રાષ્ટ્રધ્વજને ઊલટો લટકાવવામાં આવે છે અથવા તેનું ઊલટું ચિત્ર દોરવામાં આવે છે, આ તો અક્ષમ્ય અપરાધ છે. ભારતીય રાષ્ટ્રધ્વજ' આ કરોડો ભારતીઓ માટે અસ્મિતાનો વિષય છે; કેટલાક અપવાદ બાદ કરતા તેનો અન્ય કોઈપણ બાબત માટે ઉપયોગ કરવો કાયદાથી દખલપાત્ર અને અજામીનપાત્ર ગુનો છે. એમ હોવા છતાં આ સંવેદનશીલ વિષયમાં સંકેતસ્થળો, તેમજ દુકાનો અને રસ્તા પર ૨૬ જાન્યુઆરી નિમિત્તે ભારતીય રાષ્ટ્રધ્વજનો રંગ રહેલા 'માસ્ક' બનાવીને તેનું મોટા પ્રમાણમાં વેચાણ ચાલુ છે. તેમના પર રાષ્ટ્રધ્વજનું અવમાન કરવા માટે ગુનો દાખલ કરીને કાયદેસર કાર્યવાહી કરવી, તેમજ આવા માસ્કનું વેચાણ, ઉત્પાદન અને વિતરણ થાય નહી એ દૃષ્ટિએ સરકારે તુરંત કાર્યવાહી કરવી, જો અમને કોઈ બાબત જણાય તો અમે સ્થાનિક પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી શકીએ છીએ

જો રાષ્ટ્રગીત અથવા રાષ્ટ્રગીતની ધુન ક્યાંય પણ વગાડવામાં આવી રહી હોય, તો આપણે સાવધાન સ્થિતિમાં ઊભા રહેવું જોઈએ. એમ કરવું એટલે આપણા દ્વારા આપણા રાષ્ટ્ર પ્રત્યે બતાવેલું સન્માન છે. કેટલાક લોકો તે સમયે બેઠાં રહે છે. રાષ્ટ્રગીતની ધુન કેવળ ૫૩ સેકંડની હોય છે. શું આટલા ઓછાં સમય માટે પણ ઊભા રહેવા જેટલો રાષ્ટ્રપ્રેમ આપણામાં નથી ?કેટલાંક સંકેતસ્થળો પર અથવા અન્ય રાષ્ટ્રોમાં આપણા દેશનું માનચિહ્ન અયોગ્ય પદ્ધતિથી બતાવવામાં આવે છે. તેમાં કાશ્મીર, અરૂણાચલપ્રદેશના જે ભાગ ભારતમાં છે, તેમને અન્ય દેશોમાં બતાવવામાં આવે છે. ધ્યાન રાખવું જોઈએ કે એમ કરવાથી લાગે છે કે તે ભાગ આપણા રાષ્ટ્રમાં નથી. આ પણ એક મોટો અપરાધ છે. આ કેવળ રાષ્ટ્રનું જ નહી જ્યારે પ્રત્યેક નાગરિકનું અપમાન છે. આ દૃષ્ટિએ આપણે સહુકોઈએ સાવચેત રહેવું જોઈએ. આના દ્વારા રાષ્ટ્ર પ્રત્યે આપણા પ્રેમમાં પણ વૃદ્ધિ થશે.

રાષ્ટ્રાભિમાન કેવી રીતે જાળવવું ?

૧. વિદેશી માલને બદલે સ્મરણપૂર્વક આપણા દેશની આસ્થાપનાઓ (કંપનીઓ)માં બનાવેલી વસ્તુઓનો ઉપયોગ કરો.

૨. એકબીજા સાથે વાર્તાલાપ કરતી વેળાએ તે પોતાની માતૃભાષા અથવા રાષ્ટ્રભાષામાં જ કરવો. અભિવાદન, શુભેચ્છાઓ પણ આ ભષાઓમાં જ આપો. અંગ્રેજી શબ્દપ્રયોગ કરવા નહી. જો સ્વાભાષાનું અભિમાન હશે, તો જ રાષ્ટ્રાભિમાન જાગૃત થાય છે.વિદ્યાર્થીઓ, ઉપર્યુક્ત કૃતિઓ એટલે રાષ્ટ્રાભિમાન દર્શાવનારાં કેટલાંક પ્રાતિનિધિક ઉદાહરણો જ છે. જો તેમાંની થોડી જ કૃતિઓનું આપણાથી આચરણ થઈ શકે, તો આપણે એમ કહી શકીશું કે, વાસ્તવિકરૂપથી જ આપણે ૨૬ જાન્યુઆરી એટલે કે ગણતંત્ર દિવસ ઊજવ્યો છે

- શ્રી સંતોષ આળશી, હિંદુ જનજાગૃતિ સમિતિ, ગુજરાત (સંપર્ક : ૯૩૭૬૫૧૩૮૩૨)

# રાજકોટના ડેમોમાં પાણીનો જથ્થો નીચો જતાં મ્યુનિ. કમિશ્નરે સરકારને પત્ર લખ્યો

રાજકોટ,તા.૨૪

રાજકોટની ભવિષ્યની પાણીની જરૂરિયાતને ધ્યાનમાં રાખી મહાપાલિકા દ્વારા હાલ અલગ અલગ સ્થળોએ વોટર ફિલ્ટર પ્લાન્ટ બનાવવામાં આવી રહ્યા છે. રૈયાધાર વિસ્તારમાં ૫૦ એમએલડી ની ક્ષમતાનો નવો ફિલ્ટર પ્લાન્ટ બનાવવાની કામગીરી હાલ પૂર્ણતાના આરે છે. આગામી મે માસમાં આ વોટર ફિલ્ટર પ્લાન્ટ શરૂ કરી દેવામાં આવશે. જેને ધ્યાનમાં રાખી કોર્પોરેશન દ્વારા રાજ્ય સરકાર સમક્ષ નર્મદાની નીરની માગણી કરવામાં આવી છે. હાલ દૈનિક વિતરણ વ્યવસ્થા માટે ન્યારી ડેમમાંથી રોજ ૭૦ એમએલડી પાણીનો ઉપાડ કરવામાં આવે છે. નવો ફિલ્ટર પ્લાન્ટ શરૂ થયા બાદ દૈનિક સરેરાશ ૧૦૦ એમએલડી પાણીનો ઉપાડ કરવામાં આવશે.રાજકોટ શહેરમાં વધતી જતી વસ્તી અને વિસ્તારની સામે જળસ્ત્રોતની સંખ્યામાં કોઇ જ વધારો થયો નથી. રાજકોટની જીવાદોરી સમાન તમામ જળાશયો ચોમાસામાં સતત એક-એક મહિના સુધી ઓવરફ્લો થતાં હોવા છતાં શિયાળાના અંતમાં અને ઉનાળાની શરૂઆતમાં જ ડેમ ખાલી થવાની અણી પર આવી જાય છે. ત્યારે રાજકોટવાસીઓને રોજિંદા નિયમીત ૨૦ મિનીટ પાણી પૂરું પાડી શકાય તે માટે મનપા કમિશનર અમિત અરોરાએ ફરી રાજ્ય સરકારને પત્ર લખી નર્મદા નીરની માગ કરી છે. આજી અને ન્યારી ડેમમાં ૧૦૫૦ એમસીએફટી નર્મદા નીરનો જથ્થો સૌની યોજનાથી આપવા રજુઆત કરી છે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા રાજકોટવાસીઓને રોજિંદા ૨૦ મિનીટ પાણી મળી રહે તે માટે સૌની યોજના અંતર્ગત રાજકોટના આજી અને ન્યારી ડેમમાં ૧૦૫૦ એમસીએફટી નર્મદાનું નીર ફાળવવા માટે સરકારને પત્ર લખી માગણી કરવામાં આવી છે.

# વિજયનગરના પાલ-દઢવાલનો આદિવાસી હત્યા કાંડ

ગુજરાત ના આદિવાસી લોકો એ પણ આ દેશ ની આઝાદી માં પોતાની શહીદી વહોરી છે એવા એક નહી ૧૨૦૦ આદિવાસી ગરીબ ખેડૂતો એ શહાદત વહોરી છે.આ ઘટના બહુ પ્રકાશ માં આવી નથી પરંતુ ગણતંત્ર દિવસ ની ઉજવણી માં દિલ્હી માં યોજનારી પરેડ માં તેનો ટેબલો મૂકવાનો છે,તે ઘટના એ સમગ્ર દેશ નું ધ્યાન કેન્દ્રિત કર્યું છે,આદરણીય પ્રધાન મંત્રી જ્યારે ગુજરાત ના મુખ્ય મંત્રી હતા ત્યારે તેઓએ આ એતિહાસિક સાથળ ની મુલાકાત લઈ શહીદો ને પુસપો અર્પણ કર્યા છે,તેઓ ની દૂરંદેશીતા ને કારણે જ આ ઘટના ઉપર આખા દેશની રોશની પડી છે,આ ઘટના ની વિગતો જોઈયે.

ગુજરાત માં સાબરકાંઠા જીલ્લામાં વિજયનગર તાલુકા માં દઢીયાલગામ આવેલું છે,આ ગામનો મુખ્ય વ્યવસાય ખેતી અને પશુ પાલન નો છે,અહી ગુજરાતી ભાષા અને હિન્દી ભાષા નો પ્રભાવ છે,૭ માર્ચ ૧૯૨૨ ના રોજ વેરનો વિરોધ કરવા માટે અહી એક સભા યોજવામાં આવી હતી,અહી જાળિયાબાગ હત્યા કાંડ જેવી જ ઘટના આ સમયે ઘટી હતી,આ સભા માં ગરીબ ખેડૂતો પર અંગ્રેજોએ દ્વારા ગોળીબાર કરવામાં આવ્યો હતો,ખેડૂતો પાસે લાકડી અને ધારિયા જેવા હથિયારો સિવાય હથિયારો ન હતા અંગ્રેજોએ ના આ ગોળીબાર નો સામનો તેઓ કરી શક્ય નહીં,આ સભા પર અંગ્રેજોએ એ આડેધડ ગોળીબાર કરી ૧૨૦૦ ખેડૂતો ને મોતને ઘાટ ઉતાર્યા હતા,આ ઘટના માં શાહિદ થયેલ લોકો માટે અહી યાદગીરી માં પાલ ગમે સ્મારક બનાવવામાં આવ્યું છે.આ હત્યા કાંડ નો ઉલ્લેખ ૧૮ ઓગસ્ત ૨૦૦૮ ના સંગ્રહ માં જોવા મળે છે,

આ ઘટના આદિવાસીઓ ના હત્યા કાંડ માં વિજયનગર ની મહિલાઓ ના ગીતો માં આજે પણ ગુંજે છે,ગુજરાત ના આંતરિયાળ ગામ માં બનેલ આ ક્રુર હત્યા કાંડ માં શહિદ થયેલ આદિવાસીઓની શહાદત આજે દાંત કથા બની ગઈ છે,જેને ઈતિહાસ માં ક્યાય સ્થાન આપવામાં આવેલ નથી,આઝાદી ના સ્વત્રાંત્રય સંગ્રામ માં અનેક ઘટના ઑ ઈતિહાસ માં આપણે જાણીએ છીએ પરંતુ કેટલાક ક્રાંતિકારી શહીદોની ગાથાઓ આજે ઇન્ટરનેટ ના મધ્યમ થી જાણવા મળી રહી છે.

ગુજરાત ના સાબરકાંઠા ની વાત કરીયે તો સને ૧૯૧૯ માં પંજાબ ના અમૃતસર ના જલીયાવાલાં બાગ માં ચાલી રહેલી એક સભા માં હજારો ક્રાંતિકારીઓ પર અંગ્રેજોએ ને ગોળીબાર કરી દર્દનાક હત્યા કાંડ સર્જાયો હતો.આ એતિહાસિક ઘટના ની હૂબહૂ પ્રતિકૃત હત્યા કાંડ સાન ૧૯૨૨ માં ગુજરાત ના સાબરકાંઠા જિલ્લા ના વિજયનગર ત્લુકા ના પાલ-દઢવાલ જેવા નાનકડા ગામ માં બની હતી.અંગ્રેજોએ એ ગામના ગરીબ ખેડૂતો ઉપર આકરો મહેસૂલ વેરો નાખ્યો હતો,આ વેરા નો વિરોધ કરવા માટે પાલ-દઢવાલ જેવા અંતરિયાળ નાના ગામડામાં ક્રાંતિ નો નારોગુંજી ઉઠ્યો હતો.

આઝાદી ની લડાઈ વખતે આ જિલ્લો મહીકાંઠા તરીકે ઓળખાતો હતો, રાજસ્થાન મેવાડ ના ગાંધીવાદી નેતા મોતીલાલ તેજાવતે એ અંગ્રેજોએ એ લડેલા વેરા ના વિરોધ માં એક જાહેર સભા નું આયોજન કર્યું હતું,જેમાં વિજય નાગર ના બાવલવાડા,કાંતર વિશ ,સોના ,પાનરવા,ઠેકાણા,અને ૫ળ ગામ ના હજારો ગરીબ ખેડૂતો એ હાજરી આપી હતી.આ મહેસૂલ નો વિરોધ કરતાં જબર જસ્ત ક્રાંતિકારી ચળવળ હતી,આ ચળવળ વિકરાળ રૂપ ધારણ કરે તે પહેલા અંગ્રેર્જો એ ભય ના લીધે આ ક્રાંતિ ને ઊગતી ડામી દેવાના પ્રયત્નો કર્યા

અંગ્રેજોએ એ ખેરવાડા રાજસ્થાન સ્થિત મેવાડ થી કોટસે (એમ બી સી ) ની એક ટુકડી મેજર એસ જી શટ્ટન અને સૂબેદાર સુરતું નિવાસ ની આગેવાની હેઠળ પલટી દેવા માં આવી ,૭ માર્ચ ૧૯૨૨ ના રોજ ખૂબ જ શાંતિ થી આવી રહેલા આ ખાનગી સભા માં કૂટનીતિ થી આ સભા માં હજાર રહેલા ખેડૂત ક્રાંતિકારીઓ ને મોત ને ઘાટ ઉતારવાની સાજિશ રચવામાં આવી,અંગ્રેજોએ ના મળતીયાઓ ઑ દ્વારા એચ જી શટ્ટને કઈક અજુગતું બનવાના એંધાણ અંગ્રેજોએ ને આપી દીધા હતા,એટ્લે શાંતિ થી ચાલી રહેલ સભા માં પ્રવચન શાંતિ થી સાંભળી રહેલા આ આદિવાસી ગરીબ ખેડૂતો ઉપર ગોળીબાર કરવાનો આદેશ આપી દીધો. સભા માં મુખ્ય મુદ્દા ની સમઝ મળે તે પહેલા અંગ્રેજોએ ના અમાનવીય રીતે આ ખેડૂતો ઉપર અંધાધૂંધ ગોળીબાર કર્યા,પોતાની જાણ ને બચાવવા માટે કેટલાક ખેડૂતો વરંડા કુદયા ,કેટલાક લોકો ભગવા માં જ ગોળીબાર નો શિકાર બન્યા,કૂવા માં પડ્યા દોડતા દોડતા ,કેટલાક ને અંગ્રેજોએ દ્વારા કૂવા માં ધકેલવામાં આવ્યા ,કૂવા માં પડેલા ખેડૂતો ઉપર પણ અંગ્રેજોએ એ ગોળીઓ ચલાવી,ડઝ હોલઈ નહી એટ્લે જ કૂવા ફાયરિંગ કર્યું હતું, આ આ વેરા વિરોધી સભા માં મોતીલાલ તેજાવત જ્યારે સંબોધન કરી રહ્યા હતા,ત્યારે તેજાવત ને હાથે ગોળી વાગી હતી, તેમણે બચાવવા લોકો એ તેઓને ઘોડા પર બેસાડી આજુબાજુ ના જંગલ માં સંતાડવાની વ્યવ્સ્થા ગોઠવી હતી,જાળિયાવાળા બાગ ની ઘટના અને પાલ દઢવાલની ઘટના આમ તો હૂબહૂ મળતી આવે છે,સ્થળ અને સમય નો ફર્ક છે,ચળવળ નો મુદ્દો અલગ છે

અંગ્રેજોએ એ કૂવા માં પડેલી લાશો ના હાડકાં પણ કાઢવી લીધા હતા પુરવાનો સંપૂર્ણ નાશ કર્યો હતો,જે કૂવા માં લોકો જીવ બચાવવા કુદયા હતા,તે કૂવા ને પણ અંગ્રેજોએ એ પૂરી દીધો હતો,. આ ઘટના આજ સુધી ક્યારેય પ્રકાશ માં આવી નથી,પરંતુ પ્રધાન મંત્રી શ્રી મોદી જી ના ઈશારે દ્વારા આદિવાસી આ ઘટના નો ટેબલો ગણતંત્ર પરેડ ૨૦૨૨ માં મૂકવા માં આવશે,આ સમાચાર મીડિયા માં સમાચાર રૂપે પ્રકાશિત થઈ ત્યારે પૂરા દેશ ને આ ઘટના ની જાણકારી મળી છે,ગીતો રૂપે ગવતી આ ઘટના એક દાંત કથા બની ને રહી ગઈ છે,શિક્ષિત લોકો એ આ ગીતો ને ગુજરાતી ભાષા માં ઓળખી તથા આજુબાજુ ના ગામના બુજુર્ગો દ્વારા જાણકારી મળી,પાલ ગામની પ્રાથમિક શાળા માં વન વિભાગ ની મદદ થી એક હજાર વૃક્ષો વાવી ને અહી શહિદ સ્મારક બનાવવા માં આવ્યું છે.

વિજયનગર તાલુકા ના વાંકડા ગામ ના અગ્રણી ખેડૂતે આ ઘટના ની તમામ માહિતી એકત્રિત કરી છે,તેઓ એ આ ઘટના ની જાણ આદરણીય નરેન્દ્ર મોદી સાહેબ ને પણ કરી છે,આ શાહિદ સ્મારક માં તારીખ ૨૨ જૂન ૨૦૦૩ના રોજ એક સ્મૃતિ વન ખુલ્લુ મુકાયું,અને આ ઘટના ના સાક્ષી તરીકે યાકુબ ભાઈ પીતાંબર ઘોવરા અને વાંકડા ગામ ના નેમજી સુકાજી નિનામા નું શાલ ઓઢાડી પ્રસાષ્ટિ પત્ર આપી ઍવોર્ડ થી સન્માન કરવામાં આવ્યું હતું.

આ ઘટના ને પાલ ચીતરીયા નો હત્યાકાંડ પણ કહેવામાં આવે છે.સાબરકાંઠા જિલ્લા ના મૂળ મથક હિમમતનગર થી ૮૫ કિલો મીટર દૂર આવેલ વિજયનગર ને કુદરતે ભરપૂર સોંદર્ય આપ્યું છે,વિજય નાગર પોળોના જંગલ / મંદિર તરીકે ઓળખાય છે.વિજયનગર ભિલોડા રોડ ઉપર પાલ ગામ આવેલું છે.જેને અંગ્રેજોએ ના દમણ ને સહન કર્યું છે.જેને દમણ નો વિરોધ કર્યો છે,શહાદતો વહોરી છે, ૭ માર્ચ ૧૯૨૨ નો દિવસ કાળો દિવસ સાબિત થયો,વન વાસીઓ ઉપર અંગ્રેજોએ એ અસહ્ય કાર નાખ્યો ,તેનો વિરોધ કરવા માટે,દલગઢ માં એક સભા મળી હતી,આ સભા માં પોષીના ના આદિવાસી હજારો ખેડૂતો ઉમટી પડ્યા હતા ,આ કડો નાબૂદ કરવાનું ભાષણ શરૂ થયું ને તરતજ બંદૂક મા થી આડેધડ ગોળીઓ છૂટી હતી,આ ગોળીબાર અટકાવવા માટે બાલેટાગઢ ગામ ની એક આદિવાસી મહિલા સોનીબેન ગામારે સુલેહ કરાવવા માટે પોતાની સાડી અંગ્રેજોએ અને વન વાસીઓ વચ્ચે ફેંકી હતી.આદિવાસી રિવાજ મુજબ જો કોઈ સ્ત્રી બે પક્ષો ની વચ્ચે પોતાની સાડી ફેંકે તો તો આ શંઘર્ષ ત્યાજ અટકી જાય છે,વન વાસીઓ ની હિમ્મત ને ડામવા અંગ્રેજોએ એ કાળો કેર વરતાવ્યો રાજસ્થાન ના ખેરવાડા થી આવેલ અંગ્રેજ પલટને અંધાધૂંધ ગોળીબાર કરી ૧૨૦૦ લોકો ને મોતને ઘાટ ઉતાર્યા હતા.

આ ઘટના ની નોધ ઈતિહાસ માં નથી તે દુખદ ગણી શકાય ,જે તે સમય ના ઈતિહાસકારો એ આ મોટી ભૂલ જનતે અજનતે કરી હોય તેવું લાગે છે.આ સમયે અખબાર ગણ્યા ગાંઠયા હતા તે માની શકાય ,અંગ્રેજોએ ના દબાણ સામે આ વાત બહાર આવી ન શકી,આ ઘટના ની નોધ વન વાસીઓ એ પોતાના ગીતો માં કરી છે,લગ્ન ગીતો માં પણ આ ઘટના નું વિવરણ કરાયું છે,આ ગીતો આદિવાસી ઑ ના લગ્નો માં ગવાય છે.

" પાલે કોકે આટો વાણિયા મોતિયા રે,

બે બે ચાર રોટા મોતિયા રે,

હાંસું ચીતરિયાની નાળ માં મેવો ,

ભેર હાંસું આપડે ભોગ નથી આપવો "

આદિવાસી શિક્ષિત લોકો એ આને ગુજરાતી માં રૂપાંતર કરી આ ગીતો તૈયાર કર્યા છે.આ વિસ્તારના દાંતા,પોષીના ,દાંતોડના,કોડિયાવાડ,આંખોદ્રું ,ચિઠોડા,દાંતોલી,વાલરેજ,પરવટ અને બાલેટગઢ સહિતના ગામો માં હત્યાકાંડ ના શહીદો ની ચોથી પાંચમી પેઢી વસેલી છે.આ ઘટના નો પાલ ગામમાં આવેલ પાલ પેલેસ નો દરવાજો મૂક સાક્ષી છે.દરવાજા પર અંગ્રેજોએ એ છોડેલી ગોળીઓ ના નિશાન છે,આ હત્યાકાંડ ને અંદાજિત ૧૦૦ વર્ષ થયા છે,ગોળીયપ લોકો ની છાતી ને ચીરી ને દીવાલ માં અથડાઇ તેના નિશાન છે.પાલ ચીતરીયા ની આ ઘટના વિવાદ માં છે,ન એક વરિષ્ઠ પત્રકાર પાસે અંગ્રેજ સરકાર દ્વારા લખાયેલું એક ગેજેટ છે,જેમાં આ ઘટના નો ઉલ્લેખ નથી,એક પક્ષ એમ પણ મને છે કે આ વિસ્તાર માં આવી કોઈ ઘટના બની જ નથી.જે હોય તે એક વાર આ વિજયનગર ના સ્મારક ની મુલાકાત અવશ્ય લેવા જેવી છે.આ એતિહાસિક ઘાટણ ના ટેબલો ને ૨૦૨૨ ના ગણતંત્ર દિવસ ની પરેડ માં સ્થાન મળ્યું છે તે ગૌરવ ની વાત છે.લેખક.K

ડૉ ગુલાબ ચંદ પટેલ

# જ્ઞાન કર્મમાં આવી જાય તો જીવનનો શૃંગાર બને..

વર્તમાન સમયમાં સંત નિરંકારી મિશનના વડા સદગુરૂ માતા સુદિક્ષાજી મહારાજ માનવમાત્રને એક પ્રભુ પરમાત્માનું જ્ઞાન કરાવીને જાત-પાંત,વેશભૂષા, ઘૃણા,નફરત,વેર વિરોધથી મુક્ત કરીને માનવતાનું વસ્ત્ર પહેરાવે છે.બ્રહ્મજ્ઞાનનો નકશો..પ્રેમ..નમ્રતા અને સમદૃષ્ટિને જીવનનો આધાર બનાવી જીવન જીવવું એ જ મનુષ્યનું કર્તવ્ય છે.બ્રહ્મજ્ઞાન જ માનવને પોતાના નિજ સ્વરૂપનું જ્ઞાન કરાવે છે કેઃ તમામ માનવ સમાન છે..તમામ જીવોમાં એક જ આત્મા નિવાસ કરે છે.સંપૂર્ણ સૃષ્ટિ પરમાત્માનું રૂપ છે.

હું કંઇ જ નથી અને કંઇપણ કાર્ય કરી શકવા સમર્થ નથી..કરણકરાવનહાર પ્રભુ પરમાત્મા છે.. આવી ભાવનાથી યુક્ત થઇને જ મનુષ્યએ વર્તમાન સમયના સદગુરૂના માધ્યમથી એક નિર્ગુણ નિરાકાર પરબ્રહ્મ પરમાત્માના જ્ઞાનને જાણીને તેને અનુરૂપ નેકીના માર્ગ ઉપર ચાલવું જોઇએ.માનવના જીવનમાં "જ્ઞાનનો નકશો,અમલનો રંગ" કેવો ચઢવો જોઇએ તેના વિશે એક દૃષ્ટાંત જોઇએ.....

એક સંત મહાપુરૂષ રસ્તા ઉપર જઇ રહ્યા હતા.તેમને પાંચ બદમાશોએ પકડીને તેમની પાસેના પૈસા ઝુંટવી લીધા,ત્યારબાદ મારપીટ કરીને ભાગી ગયા.તે જ રસ્તે થઇને એક સજ્જન વ્યક્તિ પસાર થઇ રહ્યા હતા.સંતની આવી હાલત જોઇને તેમને દયા આવી ગઇ.તેઓ સંતને દવાખાને લઇ જઇ દાખલ કરી ઉપચાર કરાવ્યો.કેટલાક દિવસ પછી સંત મહાપુરૂષને હોંશ આવતાં પેલા સજ્જને પૂછ્યું કેઃ "મહારાજ ! શું આપને યાદ છે કે આપને મારપીટ કરનાર અને આપને લૂંટી લેનાર કોન હતા..?" અહીં દવાખાનામાં આપને કોન લાગ્યું હતું..? તેના જવાબમાં સંત મહાપુરૂષ કહે છે કેઃ "મને પુરેપુરૂ ભાન હતું કે તમે જ મને માર મારી લૂંટી લીધો હતો અને તમે જ મને અહીં દવાખાનામાં દાખલ કરી ઉપચાર કરાવ્યો હતો." પેલા સજ્જને મહાત્માને કહ્યું કેઃ મહારાજ ! આપ જરા વિચાર કરીને બોલો ! મહાત્માએ કહ્યું કેઃ હું સાચું જ કહું છું કે તમે સાક્ષાત નિર્ગુણ નિરાકાર પરમેશ્વર આ મહાનુભાવના શરીરમાં આવીને મને પૂછી રહ્યા છો ! જ્યારે મને સજા આપવી હતી તો પાંચ બદમાશોના આત્માના રૂપમાં આવીને તમે જ મને માર્યો.સજા



આપ્યા પછી તમે જ વિચાર્યું કે આને જાનથી મારી નાખવો નથી એટલે આપ સજ્જનના રૂપમાં આવીને મારી તમામ પ્રકારની દેખભાળ કરાવી અને તમે જ મને પૂછી રહ્યા છો ! મારી દૃષ્ટિમાં તો જિધર દેખતા હું તૂં હી તૂં હૈ !! કહેવાનો ભાવ સંત મહાપુરૂષના હૃદયમાં સમયના સદગુરૂ દ્વારા આપવામાં આવેલ પ્રેમ..નમ્રતા..સમદૃષ્ટિરૂપી જ્ઞાનનો નકશો જેવી રીતે રેખાંકીત કર્યો હોય છે તેના અનુરૂપ જ તેમના જીવનમાં કર્મરૂપમાં રંગ ચઢ્યો હતો.ઈશ્વર સમહદય છે.અમારે પણ અમારા જીવનમાં સમદૃષ્ટિનો ભાવ ઉત્પન્ન કરીને ભૌતિક તથા આધ્યાત્મિક બંન્ને સ્તર પર ઉન્નતિ કરવાની છે તથા જ્ઞાનના નકશા ઉપર અમલનો રંગ અમારા જીવનમાં ચઢાવવાનો છે..

સાચી માનવતાવાળું જીવન જીવન જીવવાની કામના કરનાર બ્રહ્મજ્ઞાનની પ્રાપ્તિ. પૂર્ણ ક્ષોત્રિય બ્રહ્મનિષ્ઠ સદગુરૂના માધ્યમથી સબ ઘટવાસી અંતર્યામી નિર્ગુણ નિરાકાર પરમાત્માનું જ્ઞાન પ્રાપ્ત થાય છે.જો પ્રત્યેક માનવ પોતાના વાસ્તવિક સ્વરૂપ બ્રહ્મજ્ઞાનને પ્રાપ્ત કરી તે મુજબ જીવન જીવવાનું શરૂ કરી દે તો અશાંતિ..વૈરમનસ્ય..ચોરી અને વ્યભિચાર..અપરાધ તથા સ્વાર્થ પરાયણતા..માનવ માનવનું જે શોષણ કરે છે તે..લૂંટફાટ..ખૂના મરકી જેવા અત્યાચારો બંધ થઇ જાય તેમાં કોઇ શંકા નથી.

માનવતા એ જ માનવનો ધર્મ છે.જે માનવના હૃદયમાં બ્રહ્મજ્ઞાનનો નકશો રેખાંકીત રહે છે, તેમનામાં વર્ગભેદ..વર્ણભેદ હોતો નથી એટલે જ જ્ઞાનીજનો યુગના અવતાર વર્તમાન સમયના સદગુરૂની વાણીને પરમાત્માના સાનિધ્યમાં લઇ જનારી વાણી સમજીને પોતાના જીવનમાં અનુસરણ કરી અમલનો રંગ ચઢાવી ઈમાનદારીના રસ્તે ચાલે છે.

સંકલનઃ સુમિત્રાબેન દાદુભાઇ નિરંકારી
છક્કડીયા,પોસ્ટઃધાણીત્રા,તા.ગોધરા
Sumi7875@gmail.com

ન્યૂઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ. આયોજક : પ્રદીપ રાવલ




**NOG SS NO:004**
વિષયઃ ખાના ખજાના
પ્રકારઃ ગદ્ય
શીર્ષકઃ બ્રહ્મ ભોજન

શિયાંળાની એ રાત હતી લોકો ને પૂરતાં ઓઢવા , ખાવાના ફાફા હતાં. બે ચાર બાળકો બિચારા તરફડિયા મારી રહ્યા હતાં. ઊંઘ હરામ હતી. તાપણું કરી સાધુ મહારાજ બેઠા હતા તેમણે વાર્તા શરૂ કરી બધાં જ સાંભળી રહ્યાં હતાં. ભોજન માટેની સુંદર વાત હતી. માનવીની શ્રધ્ધા ઈશ્વર પ્રત્યેની કેવી અપાર હોય છે. કહેવાય છેને દાને દાને પે લીખા હૈ ખાને નાલે કા નામ.. પણ શ્રધ્ધા હોય તો ઈશ્વર પણ આંગણે આવી જમે તે ઉત્તમ ખાના ખજાના.તો સાંભળો ઈશ્વર કેવી ભક્તની લાજ રાખે તેપ

એકવાર રાઘવપુર ગામમાં બહુ ભયંકર દુકાળ પડ્યો,આજુબાજુ બધે જ તેના છાટાં ઉડ્યા.ક્યાંય અનાજ પાણી નહિ.લોકો દુઃખી દુઃખી થઈ ગયા.

આ એજ ગામ હતું જ્યા સરસ મોટું કૃષ્ણનું મંદિર હતું.નાના મોટા બધા જ અહીં દર્શને આવે.મોહન નામે એક ગરીબ છોકરો તેની મા સાથે નાની ઝૂંપડીમાં રહેતો હતો.મંદિરમાં રોજ આવે,મંદિર ધૂવે ને પાણી પણ કૂવામાંથી ભરી આપે.પૂજારીજી તેના એને બે રૂપિયા આપે તે ઘરે જતા મા માટે થોડું અનાજ લઈ જાયને ખાય.આમ તેમનું જીવન ચાલતું.રોજ કમાવું રોજ ખાવું.

આ દુકાળમાં એક વાર એવો સમય આવ્યો કે આખું ગામ બિચારું તરફડિયા મારવા લાગ્યું કેટલાય ગામ છોડી નિકળી ગયા.પૂજારી પણ મંદિર છોડી જતા રહ્યાં પણ મોહન તો મક્કમ રહ્યો. તેણે ભગવાનને રોજ પૂજાપાઠ કરી નવડાવવા માંડ્યા. રોજ ભગવાનને કહેતો જાય કે ,"મારે ત્યાં પધારો "હવે ભગવાનને પણ થયું કે મારે જવું જોઈએ પણ બિચારાને ખાવાના ઠેકાણા જ નથી તો મને શું ખવડાવશે..

ધીરે ધીરે ભગવાને મંદિરના પરિસરમાં થોડું થોડું આડુંઅવળું બિયારણ પડ્યું તેમાંથી અનાજ ઉગાડવા માંડ્યું.હવે મોહન થોડો સધ્ધર થયો.તેણે મંદિરમાં સરસ મજાનો દરવાજો બનાવ્યો ને પૂજારી ગામ છોડી ગયા તેની રાહ જોવા લાગ્યો.તેણે મંદિરમાં જે આવે તેને જમાડીને મોકલવાની પણ વ્યવસ્થા કરી હતી.એક દિવસ તેના ભંડારામાં અનાજ ખૂટ્યા તેને ફિકર થવા લાગી કે તે વટેમાર્ગુને જમાડશે કેવી રીતે?

તેણે તો માને કહ્યું ," મા આજે તો ભગવાન જમવા આવવાના છે તે તમે તાટ સરસ માજીને મૂકો."

મા તો વિચારમાં પડી કે દીકરા ખાવા અનાજ નથીને ભગવાનને ખવડાવવું છે.? ત્યાંતો મંદિરની ડેલીએ પાંચ સાધુ આવ્યા.મોહને તો એમની આગતા સ્વાગતા કરીને તેમને નદીએ સ્નાન કરી જમવા પધારવાનું કહ્યું .મા તો ફીકર કરી રહી કે હવે ?ત્યાં અચાનક ગાડુભરી એક માલધારી આવી ચડ્યો.તેણે ગાડુ મંદિર આગળ ઉભું રાખ્યું ને મોહનને કહ્યું ,"મારા શેઠને ત્યાં દીકરાના લગ્ન લીધાં હતા પણ શેઠના દાદીશા નું મૃત્યુ થયુંને લગ્ન બંધ રહ્યા છે તે આ બધું રાંધેલું અનાજ મંદિરે આપવાનું કહ્યું છે."

મોહને તેને આવકારો આપ્યોને માને કહ્યું,"તમે તૈયારી કરો ને સાધુ સંતોને આ માલધારીને જમાડો હું ગામમાં પણ જેના ઘરે આજે નથી પકાવ્યું બધાને બોલાવી ને આવું."

મા તો આશ્ચર્યથી જોતી રહી જ્યાં દાણો નહોતો ત્યાં ગામ જમે તેટલો જમણવાર? તેણે બે હાથ જોડ્યા,બધાંને જમાડવા માંડ્યાને ધીરે ધીરે ગામ જમ્યું ને પછી બે મા દીકરો જમવા બેઠા.માલધારી રજા લેવા આવ્યો.મોહને તેના પગે પડી કહ્યું ,"ભલે પધાર્યા પ્રભુ,મારી લાજ રાખી."

માલધારી ગયો એટલે મોહન તે જ્યાં જમવા બેઠો હતો ત્યાં ગયો તો જુએ છે કે વાંસળીને મોરપીછ ત્યાં પડ્યું છે.મોહન તો બહાર દોડ્યો પણ ન ગાડું દેખાય ન માલધારી..હવે તેને સમજાય ગયું કે મુરલી મનોહર જાતે પધાર્યાને મારી આબરૂ રાખી ગયાં. તેણે તેની માને બતાવ્યા બન્ને ચીજ..એ દિવસથી મોહનનાં મંદિરમાં લોકો સદાવ્રતમાં ખાતા ને અનાજ ક્યારેય ખૂટે જ નહિ.

આમ શ્રદ્ધાએ બ્રહ્મ ભોજન પૂર્ણ થયું.

એવો વિરપુરનો ભંડારો છે જ્યાં જલારામ બાપાએ સદાવ્રત ખોલ્યું છે ત્યાં ખાના ખજાનો ખૂટતો જ નથી. અનાજ ન વેડફો.

થાળીમાં એંઠું ન છોડોપ લગ્નમાં કે પાર્ટીમાં બગાડ ન કરો. ક્યારેય ખાવા માટે નહિ તરફડવું પડે. અસ્તુ

જયશ્રી પટેલ...

---

**NOG SS No/0044**
વિષયઃ- ખાના ખજાના
પ્રકારઃ:- ગદ્ય
શબ્દોઃ- ૨૯૨
શીર્ષકઃ- પીરસેલી થાળી.

ખરેખર ખાનપાનની વાત આવે એમાં પણ અમારાં અનાવિલો એટલે વિવિધ મુઠીયા, ઢોકળી અને ભૂકો. સાથે જ દૂધેલી,ઢેખરા, દેસાઈ વડા,તૂરિયામાં પાતરા.

અમે તો પાતરાનાં દાંડા ફેંકી ન દેતાં એનાં પણ મુઠીયા બનાવીએ.

એક ઓછી જાણીતી વાનગી- શેરડીના રસની ખીર એનો ખુબ જ સ્વાદિષ્ટ.વિવિધ રાયતાં,કચૂંબર, ચટણી.

ખમણી, બજારમાં મળે એ ચણાની દાળની જ્યારે હું મગની દાળની બનાવું.મારી બંને ખમણીમાં માસ્ટરી.બીજી એક વાનગી તે લસણ મરચાંની ભાખરી.આ વાનગી મને મારાં જીવનસાથીએ શીખવેલી, અમારાં ઘાસવાલા પરિવારની સ્પેશ્યાલીટી.પૂરણપોળીમાં પણ વિવિધતા, હું મગની દાળની બનાવું એમાં પણ મારી સ્પેશ્યાલીટી.અમારી એક બીજી વાનગી કાકડીની ખમણી.આવી તો કેટલી બધી વાનગીઓ સાથે પાર વગરનાં અથાણાં પાપડ, એમાં પણ કેરીની મોસમમાં રસ સાથે ખાવાનાં ઢમકા પાપડ તો જાતભાતના શરબતને કેમ ભૂલાય?

આપણાં જ્યોતીન્દ્રભાઈએ પાકકલા શબ્દ પ્રયોજ્યો તેવી જ એક કળા છે થાળી પીરસવાની.થાળીમાં બધી વાનગીઓ બરાબર પીરસાયેલી હોય તો જમતાં પહેલાં જ દિલ ખુશ થઈ જાય. અમને લગ્ન પહેલાં થાળી પીરસતાં શીખવતાં અને કહેતાં,"હીખો હાહરે જહે તાં હું કરહે મેમાનને પીરહતી વખતે."

થાળીમાં પુરીની ડાબી બાજુથી વાનગી યાત્રા મીઠાથી શરૂ થાય.મીઠુ, ચટણી, અથાણું, કચુંબર, પાપડ, ( મારાં લગ્ન થતાં મારું સ્થળાંતર ડુંગરીથી બિલીમોરા થયું તેવી જ રીતે ભોજનની થાળીમાં પાપડનું સ્થાનફેર થયું.પિયરમાં ભોજનની થાળીમાં પાપડનું સ્થાન પાછળ હતું તે સાસરેની થાળીમાં મીઠાની પણ આગળ આવ્યું.) રાયતું, ફરસાણ, રસાવાળું શાક જે નાની ડીશમાં મૂકવાનું એની બાજુમાં સુકું કે છુટુ શાક,દાળ, ખાટુ કે કઢીની વાટકી અને આવી ગયાં પુરીની પાસે.થાળીમાં વચ્ચે મિષ્ટાન, મીઠી વાનગી મૂકવાની.આ બધાં વ્યંજનને ન્યાય અપાય જાય પછી ભાત પીરસવાનો.મોળીદાળ હોય તો ભાત ઉપર પીરસવાની પછી ઉપર ઘી મૂકવાનું.

જો પૂરણપોળી બનાવી હોય તો એની બાજુમાં નાની વાટકીમાં ઘી મૂકવાનું.બાસુદી, શીખંડ કે દૂધપાક હોય તો એની ઉપર બદામ એલચી ચારોળી પિસ્તા વ્યવસ્થિત રીતે ભભરાવવા.

મિત્રો,આટલી સરસ શોભાયમાન થાળી હોય પછી ન્યાય આપવો જ પડે.

જમીને ઉઠ્યા પછી જાતજાતનાં પાન, મુખવાસથી ભોજન પૂર્ણ થાય.

વિભૂતિ દેસાઈ ઘાસવાલા

---

**NOG SS No.0007**
વિષય : ખાનાખજાના
પ્રકાર : ગદ્ય
શીર્ષક : હું મુંબઈની ગુજરાતણ

પ્રદિપભાઇએ આ વખતે જે વિષય આપ્યો છે તે એટલો જબરદસ્ત છે કે ખાના ખજાનાથી કોઈ પણ વ્યકિત અછડતી ન રહી શકે. આપણે મિત્રો સાથે બેઠાં હોઈએ કે અડોસીપડોસી સાથે કે પછી હોય કોઈ સગાઓની સંગત, ખાણી પીણીની વાત નીકળે તો દરેકની જીભે પોતાનાં નાકાથી લઈને શહેરની ,ગલીની કોઇને કોઈ પ્રખ્યાત ખાણીપીણીની દુકાનો,હોટેલ કે પછી વસ્તુઓનાં સરનામાં મોઢે હોય.મારી આજની આ વાતમાં હું કોઈ એક પ્રાંતની કે શહેરની ખાણી પીણીની વાત નથી કરવાની.પરંતુ હું વાત કરીશ મારી.એટલે કે મારાં જેવી મુંબઈની અનેક ગુજરાતી ગૃહણીઓની.જેને બરાબર ખબર છે કે કોઈના પણ હૃદય સુધી પહોંચવાનો રસ્તો એનાં પેટથી જાય છે. ગુજરાતી ગૃહિણીના રસોઈના મેન્યુ કાર્ડમાં બધીજ વાનગીઓ એનાં આવડતાં લીસ્ટમાં હોય જ,અને જો ન આવડતી હોય તો રસોઈ શો,કે પછી યુ ટ્યુબ ચેનલ અને બાકી છેલ્લે ગુગલ મહારાજ તો છેજ; ત્યાંથી શીખીને પણ નીતનવી વાનગીઓ બનાવી ઘરનાં સદસ્યોને ખૂશ રાખવાનો પ્રયત્ન કરે.વારતહેવાર તો ઠીક એ મોસમ પ્રમાણે પણ વાનગીઓ બનાવી ઘરનાં નાનાં મોટાં સહુનાં ચહેરા પર સ્મિત પીરસી શકે છે.જેમકે ઠંડીની ઋતુમાં સવારના નાસ્તામાં ગોળના ગરમાગરમ શીરો,મસાલા દૂધ સાથે સાઉથ ઇંડિયન નાસ્તો,જેમ કે ઉપમા,ઈડલી ચટણી સાથે બનાવે,મોસમનો પહેલો વરસાદ પડ્યો નથી ને મહારાષ્ટ્રનાં વડાપાઉ બન્યાં જ સમજો.અરે કમોસમના એક દિવસનાં વરસાદમાં પણ ઘરનાઓની ફરમાઈશ પર ભજીયાં, વડાપાઉંની સાથે લસણની તીખી લાલચટ્ટક ચટણી અથવા મિસળ પાઉં હોંશે હોંશે બનાવે.રોજ રોજ આપણાં ગુજરાતી દાળ,ભાત, શાક,રોટલી ખાઈને કંટાળે તો બપોરનાં મેન્યુમાં એ ગૃહિણી પંજાબી વાનગીઓ જેમ કે પંજાબી શાક,નાના કુલ્યા, પરાઠા, બિરયાની,લસ્સી, રાયતું વગેરે બનાવી ઘરનાં સભ્યોને ખૂશ કરી દે.એમાં પણ આ કોરોનાને લીધે થોડી વધારે કાળજી રાખનારી હોય તો ઢોકળાં,મૂઠીયા, પાત્રાથી લઈને પીત્ઝાના રોટલા સહીત કચોરી,સમોસા, સાબુદાણા વડાં, પનીર ટીકા,શાહી ટુકડાં, સ્પ્રિંગરોલ,ચીઝબોલ,ગ્રીલ સેન્ડવીચ........ઓહ! કેટલાં નામ ગણાવું, હું પોતેજ હાંફી ગઈ.આ બધુંજ એ ઘરે બનાવી નાંખે.ગુજરાતી ગૃહિણી ના રસોડામાં ખાખરા પર છાંટવાના જીરાળુની સાથે સાથે પીત્ઝા,પાસ્તા, સેન્ડવીચ,દહી પૂરી, રગડા પેટીસ પર છાંટવાના જુદાં જુદાં મસાલાઓથી એનાં રસોડાંના ખાનાઓ શોભતાં હોય છે.બાળકના કે ઘરનાં બીજાં કોઈપણ સભ્યના જન્મદિવસે સવારે સરસ મઝાનું કોઈ દેશી મિષ્ટાન્ન જેમકે લાપસી,શીરો, બાસુંદી,રબડી,ખીર તો બનાવે જ,અને સાંજે પાછી કેક, પેસ્ટ્રી, આઈસ્ક્રીમ વીથ જેલી,કે પછી ફ્રૂટ કસ્ટર્ડ જેવું ફેન્સી મિષ્ટાન્ન પણ બનાવી જાણે.તહેવારોની વાત કરું તો ઉતરાયણની ચિક્કી,ને હોળીની પૂરણપોળી,શિવરાત્રિની ઠંડાઈ ને જન્માષ્ટમીની બુંદી, રક્ષાબંધનમાં તો ખાસ ભઈલાને ભાવતી જબરદસ્ત વાનગી, નવરાત્રીમાં મા ને ભાવતી ખીરપૂરી, ચણાનું શાક,વગેરે બનાવે તો દશેરાના દિવસે ફાફડા જલેબી બનાવવામાં એ પાછી ન પડે.તહેવારો છોડો શ્રાધ્ધ પક્ષમાં પિતૃઓને ભાવતાં ભોજન બ્રાહ્મણને જમાડી સંતોષ માને.પછી આવે દિવાળી......!એની તો વાતજ શું કરવી.જાતજાતની પરંપરાગત તથા ફેન્સી વાનગીઓથી ઘરનું રસોડું મહેકી ઊઠે.કહેવાનું તાત્પર્ય એટલું જ કેઆ રીતે આપણી ગુજરાતી ગૃહિણીના પ્રતાપે આપણાં સહુનાં રસોડામાં ગુજરાતની સાથે સાથે દેશના બીજાં અનેક પ્રાંતો પણ જે તે પ્રાંતની વાનગીના સ્વરૂપે ધબકે છે,શ્વસે છે.તો એવી મારી મુંબઈની ગુજરાતણને સો સો સલામ.

લેખિકા : આરતી મરચંટ મુંબઈઃ કાંદિવલી

---

**NOG: NOG S.S.NO: 0042**
વિષય - ખાના ખજાના
પ્રકાર - ગદ્ય
શીર્ષક - સંજીવકપૂરને મળ્યાનું સંભારણું

ખાના ખજાના શબ્દ વાંચતાં જ મન અતીતની અટારીએ પહોંચી ગયું અને યાદોનો ખજાનો લઈને આવ્યું .

બે હજાર સોળમાં (ટાટા કેમિકલ્સ) મીઠાપુરમાં ઊર્જા રસોઈ શો અંતર્ગત, 'માસ્ટર શેફ 'ની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધાનું માળખું ત્રણ સ્ટેપમાં ગોઠવાયેલું હતું. સિલેક્શન, સેમી ફાઈનલ અને ફાઈનલ રાઉન્ડ. અમે પાંચ સખીઓની ટીમ બનાવી અને ટીમનું નામ ઉડાન રાખ્યું હતું.

સ્પર્ધામાં એકવીસ ટીમે પાર્ટ લીધો હતો. પ્રથમ રાઉન્ડમાં સ્ટાર્ટર ઘરેથી બનાવી લઈ જવાનું હતું. અમે 'બ્રેડરીંગ વિથ ક્રીમીબોલ' અને પાઈનેપલ ડીપ બનાવ્યા હતાં. સિલેક્શન રાઉન્ડમાં નવ ટીમને સેમી ફાઈનલમાં જવાનો મોકો મળ્યો હતો તેમાં અમારી ટીમ સામેલ હતી.

પછીનો રાઉન્ડ ઓન ધ સ્પોટ કુકિંગ રાઉન્ડ હતો. પાંત્રીસ મિનિટમાં અમારે આપેલી વસ્તુનો ઉપયોગ કરી અમારી રાંધણકળા,ટીમવર્ક, તેમજ ડેકોરેશન કરી અમારી શ્રેષ્ઠતા પુરવાર કરવાની હતી. ઇન્ડક્શન વાળું પ્લેટફોર્મ જરૂરી મસાલા અને સાધનસામગ્રી સાથે તૈયાર હતું. સ્પર્ધા ચાલુ થયાંનાં પંદર મિનિટ પછી મેજિક બાઉલમાં અમને સોયાબીનની વડી આપવામાં આવી હતી. તેનો ઉપયોગ પણ કરવાનો હતો. રાઈટ ત્રીસ મિનિટ પછી છ વાનગી સાથે અમારી ટીમે તમામ કાર્ય પૂર્ણ કરી લીધા હતાં. અમારી ટીમના જોરદાર પર્ફોમન્સને કારણે અમારો પ્રથમ નંબર આવ્યો હતો. અમારી આંખોમાં હર્ષનાં અશ્રુ વહેવા લાગ્યા. આ રાઉન્ડનાં જજ હતાં, ફૂડ રાઈટર,બ્લોગર, 'ડીવાઈન ટેસ્ટ વિથ ' નાં પ્રણેતા અનુશ્રુતિજી. તેમને અમે બનાવેલું કાઠિયાવાડી પીઠલું બહુ ભાવ્યું હતું.

બે મહિના પછી અમારી ટીમને રસોઈ શોના ફાઈનલ રાઉન્ડ માટે મુંબઈ જવાનું થયું જ્યાં અમને જજ કરવા માટે સંજીવ કપૂર આવવાનાં હતાં. મુંબઈમાં પણ અમને આપેલી વસ્તુનો ઉપયોગ કરી વાનગી બનાવવાની હતી મેજિક બાઉલમાં આપેલી વસ્તુ સહિત. સ્પર્ધા ચાલુ થતાં જ અમારું ઇન્ડક્શન બગડી જતાં, અમે થોડા ગભરાઈ ગયા હતાં પણ પછી બાજી સંભાળી લીધી હતી. સંજીવજીનાં જજમેન્ટ હેઠળ અમારી ટીમનો ત્રીજો નંબર આવ્યો હતો એ વાત યાદ કરતાં મન આજે પણ ગર્વ અનુભવે છે. સર્ટિફિકેટ,શિલ્ડ,ગિફ્ટ વાઉચર સહિત ઘણા ઇનામો મળ્યા તે ઉપરાંત અમને સંજીવ કપુરને મળવાનો,વાતો કરવાનો, ફોટા પડાવવાનો લહાવો મળ્યો.

આજે આ સંભારણું યાદ કરતાં આંખો ખુશીથી છલકાઈ પડે છે કે જે વ્યક્તિની વાનગીને,ટેસ્ટને લાખો લોકો ફોલો કરે છે એમણે પણ અમારાં કાઠિયાવાડી ટેસ્ટને બિરદાવ્યો હતો અને અમારાં ટીમવર્કથી ખૂબ ઇમ્પ્રેસ થયા હતા કે અમે ઇન્ડક્શન બગડી જતાં પણ હિંમત રાખી હતી.

પૂજા(અલકા) કાનાણી

---

**NOGSS-0034**
વિષય : ખાના ખજાના
શીર્ષક : ફૂડ હેબિટ

ખોરાક એ માનવીની મૂળભૂત જરૂરિયાત છે. કહે છે ને, "અન્ન એવો ઓડકાર." આપણાં દેશમાં વિધવિધ પ્રાંતની અલગ-અલગ વાનગીઓ પ્રખ્યાત છે. એક-એકથી ચઢિયાતી ડીશ જોઈને મોંમાં પાણી આવી જાય એટલું વૈવિધ્ય છે. આપણાં રસોડાંનું મસાલિયું એટલે દેશી ઓસડિયાનો ખજાનો. આપણને નાની-નાની તકલીફ થાય ત્યારે એ દાદીમાના વૈદુથી રામબાણ ઈલાજ કરીએ છે. આજે ખોરાકમાં ઘણી અવનવી વાનગીઓ જોવા મળે છે. એમાંય જે ડીશ બનાવવી હોય તેની રેસિપી ગૂગલમાં હાજર મળે. આપણે ગુજરાતીઓ ખાવાનાં શોખીન છીએ, તેથી જ ગુજરાતી ઉપરાંત ચાઈનીઝ, પંજાબી, થાઈ, મેક્સિકન ...ઘણાં ફુડ હોંશે હોંશે આરોગીએ છીએ.

પરંતુ આજે વાત કરવી છે યુવાપેઢીની ફૂડ હેબિટની. નવી જનરેશન ઘરનું પૌષ્ટિક જમવાને બદલે જંકફૂડ ખાવાનું વધુ પસંદ કરે છે. રેસ્ટોરન્ટ હોય કે નાની રેકડીઓ ખાવા માટે વેઈટીંગ જોવા મળે છે. બહાર જમવું એક ફેશન કે સ્ટેટ્સ સિમ્બોલ બની ગયું છે. યુવાપેઢી જાણે છે કે, આ ફુડ સ્વાસ્થ્ય માટે હાનિકારક છે, છતાંય ખાઓ, પીઓ અને એશ કરો એ મંત્રમાં જીવતી આ જનરેશનને કંઈ જ ફિકર નથી. ફાસ્ટફૂડની જેમ ફાસ્ટ લાઈફ જીવતી આ પેઢી હેલ્ધી ફુડથી દૂર થતી જાય છે. પહેલાંનાં જમણવારમાં લાડુ, લાપશી, મોહનથાળ જેવી મિઠાઈઓ રહેતી, આજે અનેક વાનગીઓ જોવા મળે છે, પરંતુ એ ભાવ કે પ્રેમ જોવા નથી મળતો. બુફે ભોજનમાં અને આગ્રહ કરીને જમાડતાં પરંપરાગત પંગતમાં ઘણું બદલાઈ ગયું છે. નાનાં ભૂલકાંઓ પણ ૫-૧૦ વાળા પેકેટ ખાતાં હોય છે. ઘરની રસોઈ શુદ્ધ, સાત્વિક હોવા છતાંય નથી ભાવતી. તેથી, નાની ઉંમરે જ તેઓ અનેક બીમારીઓનો ભોગ બને છે. ઘરનો પૌષ્ટિક આહાર જ સર્વશ્રેષ્ઠ અને હાઈજેનિક હોવા છતાં તે જોઈને નાકનું ટેરવું ચડી જાય છે. દર વખતે સ્વીગી કે ઝોમેટોનો ઓર્ડર આર્થિક રીતે પણ નુકશાનકારક જ છે. બહારનાં વાસી અને ફ્રોઝન ફૂડથી માત્ર ને માત્ર નુકસાન જ થાય છે.

આજની મોર્ડન યુવતીઓની વાત કરીએ તો ઝીરો ફીગરની હોડમાં તેઓ પૌષ્ટિક આહાર નથી લેતી. ઘી વાળી મિઠાઈ તો અડે પણ નહી. આપણાં પૂર્વજો તો દેણું કરીને પણ ઘી ખાવાની સલાહ આપતાં. આધુનિકતા અપનાવવી એ કાંઈ ખોટી બાબત નથી, પરંતુ આંધળુ અનુકરણ તો ન જ થવું જોઈએ.

હમણાં એક નવો પવન ફુંકાયો છે. વીગન ફૂડનો. જેમાં પ્રાણીજન્ય તમામ પ્રોડક્ટ બંધ કરીને સાચા અર્થમાં શાકાહારી બનવું. ખરેખર "તુંડે તુંડે મતિ ભિન્નઃ"

ડો. રેખા શાહ

---

**NOG SS No.0081**
પ્રકાર : ગદ્ય
વિષય :ખાના ખજાના
શીર્ષક : અનોખી વાનગી
શબ્દો ,: ૩૪૯

માણસનાં દિલ સુધી પહોંચવા પેટ દ્વારા જવું પડે એ વાત સૌ જાણે પણ દક્ષિણ ગુજરાતમાં એ જરા ગંભીરતાથી લેવાય તેથી દર ઋતુમાં અધધ વાનગીઓ. ઊંધિયા વિશે તો આખાં ગુજરાતમાં વિવિધ રીતો પ્રચલિત છે પણ આ દક્ષિણ ગુજરાતની વાનગી એટલે ઉબાડિયું! હા,ઉ અને યુ ઊંધિયાનાં જ અક્ષરો તેથી સામગ્રી લગભગ સરખી જ પણ બનાવવાની રીત જુદી.

આ માટે કાળી પાપડી મળે તો સારું નહીં તો કોઈ પણ પાપડી, રતાળુ કંદ ,બટેટા અને શક્કરિયા લેવામાં આવે .આ બધાંને એક વિશિષ્ટ મસાલામાં રગદોળી એક નાનાં મોંઢાવાળા માટીનાં માટલાંમાં ભરવામાં આવે છે .આ સ્વાદિષ્ટ મસાલો એટલે આ ઋતુનો રાજા લીલું લસણ,લીલી સુગંધી કોથમીર, લીલાં મરચા, આદું,લીલી હળદર ! બધાં જ શાકને સ્વચ્છ કરવા જરૂરી કારણ કે પાપડી સિવાય બધાં જ કંદમૂળ,ભરપૂર માટી સાથે લઈ ઘરમાં આવે.એક મહત્વનું એક અંગ એટલે કલેરની ભાજી..એની નવાઈ એટલે કે એ ક્યાં ય બજારમાં ન મળે , આપમેળે ઉગેલી એક વનસ્પતિ.એનાસિવાય ઉબાડિયું સ્વાદિષ્ટ ન બને.

સૌથી પહેલાં પેલાં માટલામાં આ કલેરની ભાજીનું એક પડ કરવામાં આવે.એના પર પાપડીનું એક થર ઉપર જણાવેલ મસાલો રગદોળી ,હા, પાપડીમાં અજમો નંખાય ,વાયડી વધુને.ત્યાર બાદ, બટેટા.છાલ સહિત એમાં બે કાપા પાડી ઉપરવાળો મસાલો ઠાંસીને ભરવામાં આવે.એને ગોઠવ્યાં બાદ કંદ અને શક્કરિયાનાં મોટાં ટુકડાં મસાલા સાથે રગદોળી ગોઠવાય. આ વાનગી ખુલ્લી હવાની છે હં કે.ખુલ્લી જગ્યામાં માટલાની ઊંચાઈ જેટલો ખાડો ખોદી છાણાંથી અગ્નિ પેટવવામાં આવે.

તૈયાર થયેલ માટલામાં ઉપર બાકીની પાપડી ભરી પાછી કલેરની ભાજી ગોઠવી બંધ કરાય અને ઊંધું કરી એને પેલાં અગ્નિમાં મૂકાય.ચારે બાજુથી સળગાવી એને તાપ અપાય, જરા પણ ઉતાવળ નહીં ચાલે.. ઈંતજાર બાદ જે ખાવા મળે એનો જીભમાં સ્વાદ રહી જાય એની ગેરંટી. આ અનોખી વાનગીમાં એક ટીપું તેલ-ઘી ન હોવાથી અને એક લલચાવે એવો સ્વાદ હોવાથી સૌની માનીતી વાનગી છે.ઘરે તમે માટલું લાવી શકો પણ ચારે બાજુથી જરૂરી તાપનો કોઈ પર્યાય નથી, પેલી અગત્યની કલેરની ભાજી વિના તો જામે જ નહી.ગૃહિણીઓએ એમ તો કૂકરમાં બનાવવાની નાકામ કોશિશ કરી પણ ખેર!

તેથી આંગળા ચાટી ખાવું હોય તો દક્ષિણ ગુજરાત જવું જ પડે. પોંકપાર્ટીની જેમ ઉબાડિયા પાર્ટી યોજાય છે , સાથે તીખી લીલાં લસણની ચટણી અને છાશ..કલ્પના કરો કે આ બધું કુદરતનાં ખોળે બેસી માણવાનું! ચાલો તો...રાહ કોની જુઓ છો, ઠંડી ગાયબ થાય એ પહેલાં!

માયા દેસાઈ ,મુંબઈ ભારત.

# ગુજરાત અને મહારાષ્ટ્રની ઔદ્યોગિક વસાહતોમાં પ્રદુષણ ચિંતાજનક વધ્યું

ભરૂચ,તા.૨૪

કેન્દ્રીય પ્રદુષણ નિયંત્રણ બોર્ડના હવાની ગુણવત્તા ચકાસવા લગાવાયેલા સ્ટેશનો પરથી આ આંક બહાર આવ્યો છે. ગુજરાતમાં અંકલેશ્વર અને વટવા સૌથી પ્રદૂષિત રહ્યા છે. અંકલેશ્વરમાં સરેરાશ પીએમ ૨.૫નું પ્રમાણ ૬૭ માઈક્રોગ્રામ પર મીટર ક્યુબીક રહ્યું છે. વર્ષ ૨૦૨૧ના ૩૬૫ દિવસમાંથી ૧૦૨ દિવસ અંકલેશ્વરમાં એર ક્વોલીટી ઈન્ડેક્સ ખરાબથી અતિ ખરાબ રહ્યો છે. જેની સામે કલ્યાણમાં ૮૪ દિવસ, વટવામાં બિન આરોગ્યપ્રદ હવા ૭૫ દિવસ અને નવી મુંબઈમાં ૫૪ દિવસ રહી હતી. જ્યારે વાપીમાં હવા બિન આરોગ્ય પ્રદ ૪૮ દિવસ, મુંબઈમાં ૪૨ દિવસ રહી હતી. વર્ષ ૨૦૨૦માં અંકલેશ્વરનો એર ક્વોલિટી ઈન્ડેક્સ ૬૩ થઈ જતા સૌથી શુદ્ધ હવા નોંધાઈ હતી. જે એકયુઆઈ ૨૦૨૧માં ૩૦૦ ઉપર કેટલીય વખત પાર કરી ગયો હતો. રાજયમાં અંકલેશ્વર બાદ વટવા પીએમ ૨.૫નું પ્રમાણ ૫૪ અને અમદાવાદમાં ૫૩ માઈક્રોગ્રામ્સ પર મીટર ક્યુબીક રહેતા બંન્ને વસાહતો અનુક્રમે ગુજરાતમાં બીજા અને ત્રીજા સ્થાને પ્રદૂષણમાં રહ્યા હતા. સીએસઇના એક્ઝિક્યુટીવ ડિરેક્ટર અનુમિતા રોયએ અહેવાલોને લઈ ચિંતા વ્યક્ત કરતા જણાવ્યું છે કે, ૨૦૧૯ કરતા પણ ૨૦૨૧માં પ્રદૂષણનું પ્રમાણ વધ્યું છે. જે જોતા હવાની ગુણવત્તાને વધુ બગડતી અટકાવવા આવશ્યક પગલાંઓ ભરવાની તાકીદની જરૂરિયાત ઉભી થઈ છે.લોકડાઉન અને કોરોના મહામારીના પહેલા ઔદ્યોગિક નગરી અંકલેશ્વરની હવા રાજ્યમાં સૌથી શુદ્ધ નોંધાઇ હતી. જો કે ૨૦૨૧ના વર્ષમાં ગુજરાત અને મહારાષ્ટ્રની ૧૫ ઔદ્યોગિક નગરીમાં અંકલેશ્વર પ્રદૂષણમાં સૌથી ટોચ પર રહ્યું છે. હાલમાં જ સેન્ટર ફોર સાયન્સ એન્ડ એનવાયરમેન્ટે જાહેર કરેલા આંકડામાં આ ચોંકાવનારો અહેવાલ સામે આવ્યો છે. દેશના બંન્ને પશ્ચિમી રાજ્યોમાં ૨૦૨૧માં પ્રદુષણ ચિંતાજનક રીતે વધ્યું છે.

# ઓમિક્રોનના પેરન્ટ લિનિયેજ અને સબ-લિનિયેજ વેરિયન્ટની પણ ગુજરાતમાં એન્ટ્રી

અમદાવાદ,તા.૨૪

ગુજરાત બાયોટેક્નોલોજી રિસર્ચ સેન્ટર લેબમાં જાન્યુઆરીમાં જીનોમ્સ માટે આવેલા કુલ સેમ્પલમાં માત્ર ચાર ડેલ્ટા (બી.૧.૬૧૭.૨) જોવા મળ્યા હતાં જ્યારે ૯૫ કેસમાં ઓમિક્રોન સહિત તેના પેરન્ટ લિનિયેજ અને સબ લિનિયેજ વેરિયન્ટ જોવા મળ્યા હતાં. ઓમિક્રોન સબ લિનિયેજ વેરિયન્ટ બીએ.૨ના ૩૮ અને પેરન્ટ લિનિયેજ વેરિયન્ટ બી.૧.૧.૫૨૯ના ત્રણ કેસ સામે આવ્યા હતા. આમ ઓમિક્રોનના નવા વેરિયન્ટના ૪૧ પરિણામો સામે આવ્યા હતા. ઓમિક્રોન વાયરસ માટે વિશ્વ આખાના વૈજ્ઞાનિકો અને ડૉક્ટરોએ કહ્યું છે કે, આ વાયરસ ડેલ્ટા અને ડેલ્ટા પ્લસની તુલનામાં ઓછો જોખમી છે, પરંતુ તેનો ફેલાવો ઝડપથી થાય છે. જોકે હવે લોકોમાં ઓમિક્રોનનો સબ લિનિયેજ વેરિયન્ટ પણ જોવા મળી રહ્યો છે ત્યારે આ કેટલો જોખમી છે તે બાબતે વિશ્વના સંશોધકો તપાસ કરી રહ્યાં છે. ગુજરાત બાયોટેક્નોલોજી રિસર્ચ સેન્ટર લેબના સંયુક્ત નિયામક ડૉ. માધવી જોષીએ કહ્યું કે, બીએ.૧ની સરખામણીએ બીએ.૨ લિનિયેજ વેરિયન્ટ ગુજરાત સહિત દેશમાં વધી રહ્યો છે.

આ વેરિયન્ટના જોખમ વિશે સંશોધનો ચાલી રહ્યાં છે. અઠવાડિયા બાદ તેના જોખમ વિશેનો ખ્યાલ આવી શકશે. રાજ્યના વધુ એક સંશોધકે કહ્યું છે કે, ડબ્લ્યુએચઓએ હજૂ બીએ.૨ને વેરિયન્ટ ઓફ કન્સર્ન ડિક્લેર કર્યો નથી. જોકે યુ.કે. હેલ્થ સિક્યુરિટી એજન્સીએ બીએ.૨ વેરિયન્ટ વધુ ઝડપે ફેલાતો હોવાથી તકેદારી રાખવા કહ્યું છે જ્યારે ગુજરાતમાં બીએ.૨ના હજૂ ઘણા ઓછા કેસ જોવા મળ્યા હોવાથી નક્કર સ્ટેટમેન્ટ આપી ના શકાય.

# વડગામના માહીની ગૌચરની જમીન પચાવી પાડનાર ૩૮ શખ્સો સામે ગુનો નોંધવા કલેક્ટરે કર્યો હુકમ

બનાસકાંઠા બ્યુરો
રિપોર્ટ : દીલીપ ગોહીલ

વડગામ તાલુકાના માહી ગામની ગૌચર પચાવી પાડનાર ૩૮ શખ્સો સામે ગુનો નોંધવા કલેક્ટરે હુકમ કરતાં ખળભળાટ મચી ગયો છે. આ અંગેની વિગત એવી છે કે, વડગામ તાલુકાના માહી ગામમાં સર્વે નં. ૨૩૪ માં આવેલ ગૌચર, ટેઢુડી તળાવ, ધરોળિયું તળાવ અને પંચાયતની માલિકીની જમીનો ઉપર ૩૮ જેટલાં શખ્સો દ્વારા દબાણ કરાયું હતું. જેને લઈ ગામના અરજદાર દ્વારા લેન્ડ ગ્રેબિંગ હેઠળ ઓનલાઈન ફરિયાદ કરાતાં કલેક્ટરના અધ્યક્ષસ્થાને તાજેતરમાં મળેલ બેઠકમાં ચકાસણી અધિકારીઓના અહેવાલમાં જમીનો ઉપરનો કબ્જો બિનઅધિકૃત હોવાનું જણાવતાં જીલ્લા કલેક્ટર આનંદ પટેલ દ્વારા ગ્રામ પંચાયતના તલાટીને લેન્ડ ગ્રેબિંગ એક્ટ હેઠળ તમામ દબાણદારો સામે અહેવાલ તૈયાર કરી દિન-૭ માં પોલીસ ફરિયાદ નોંધાવવા હુકમ કરાતાં ગૌચર સહીત સરકારી જમીનો ઉપર દબાણો કરનાર તત્વોમાં ફફડાટ વ્યાપી ગયો છે.

## ગજબ ગોટાળેબાજ

દુબઈ ની એક કંપની ચીનથી ૩૩૦૦૦૦ $ નો ઈલેક્ટ્રોનિક સામાન ખરીદે છે. આ સામાન અદાણી ની કંપની ને ભારત મા ડીલીવર થાય છે. દુબઈ ની એ કંપની ૧૩૦૦% નફા સાથે ૪૩૦૦૦૦૦ $ નુ બિલ અદાણીને મોકલે. એ બિલ ચુકાવવા માટે અદાણી બેંકો પાસેથી લોન લ્યે. ને દુબઈ બિલ ચુકવે. આ રીતે ઘણી ડીલ દ. કોરીયા ની કંપનીઓ સાથે પણ થાય છે. પછી આ કંપનીઓ કાગળ પર ડિફોલ્ટર સાબિત થય લોન માફ કરાવે છે કા તો કાઈક કન્સેશન મેળવે છે... મતલબ ફાયદો થાય છે. આવી ઘણી બધી offshore Shale કંપની મોરિશિયસ ના એક ટ્રસ્ટ ની છે.. એ ટ્રસ્ટ નો એકમાત્ર ટ્ર્સ્ટી છે ×વિનોદ શાંતિલાલ અદાણી× . ગૌતમ અદાણી નો સગો મોટો ભાઈ. દુબઈ ની આ શેલ કંપનીનો એકમાત્ર ડાયરેક્ટર છે વિનોદ શાંતિલાલ અદાણી. ૩૦ વર્ષ થી NRI છે.. સાયપ્રસ નો નાગરિક છે પણ દુબઈ મા રહે છે. ઐનો છોકરો ભારતમા અદાણી ગ્રુપ ની કંપનીઓ મા બોર્ડ મેમ્બર છે. આ શેલ કંપનીઓ અને વિનોદ નુ નામ આ પેલા ઘણીવાર એજન્સીઓ ના રીપોર્ટ મા અને પનામા પેપર્સ મા પણ આવી ગયુ છે. પુંજીપતિઓની સરકાર મા રક્ષણ મળતુ આવ્યુ છે. (લીક કોમેન્ટ) તો કહેવાનુ એટલુ જ છે કે મિત્રોસ તમે મંદિર મસ્જીદ નાતપાત ધર્મ ના નામે લડી ને દેશ બચાવ્યૌ

## રાષ્ટ્રીય મતદાન દિવસ



અમદાવાદના ગૌતમ મિસ્ત્રી દ્વારા છેલ્લા ૮ વર્ષ થી મતદાન જાગૃતિ અંગેના કાર્યક્રમો કરી રહ્યા છે તેઓ દાદા ને મારો હક અને અધિકાર છે અને નૈતિક ફરજ પણ છે ચૂંટણી કાર્ડ સુધારાને કેવી રીતે કરવો મતદાન કેવી રીતે કરવું તેના જ પ્રોગ્રામ કરી રહ્યા છે જેમા યુવાનો ને જાહેર જનતા ને મતદાન કેવી રીતે કરવુ ચૂંટણી કાર્ડ માટે શું કરવું સુધારા માટે શું કરવું ચૂંટણી કાર્ડ માં સુધારા વધારા માટે શું કરવું તેની માહિતી આપવામાં આવે છે અમદાવાદના વિવિધ સ્થળો પર ગૌતમ મિસ્ત્રી દ્વારા છેલ્લા ઘણા વર્ષોથી અત્યાર ૩૦૦ થી વધુ સ્થળો પર કાર્યક્ર્મ કરવામાં આવી છે જેમા માં ૪૮૦૦ સૌથી વધુ પરિવારો જાગૃત કરી અને ૧૨૦૦ થી વધુ ચૂંટણી કાર્ડ બનાવી આપવામાં આવેલ છે અને સતત અત્યારે પણ રાષ્ટ્રીય મતદાન દિવસ ના દિવસે તેઓ દ્વારા યુવાનોને માર્ગદર્શન આપવામાં આવશે ,

## ઠાકોર સમાજના શિક્ષિત યુવાઓની આગવી પહેલ હારીજ તાલુકાના સર્વે સમાજના વિધાર્થીઓ માટે પાર્થ કોમ્પ્યુટર ખાતે પોલીસ ભરતીના નિ:શુલ્ક ક્લાસ શરૂ કરાયા



રિપોર્ટ નિખિલ જોશી પાટણ બ્યુરો

આજ રોજ હારીજ તાલુકા ના તેમજ આજુબાજુ ના વિસ્તાર ના જે બાળકો પોલીસ અને પોલીસ સબ ઈન્સ્પેક્ટર ની શારીરિક કસોટી પાસ કરેલ છે તેવા ઠાકોર સમાજ તથા જરૂરિયાતમંદ તમામ સમાજ ના વિદ્યાર્થી માટે નિ:શુલ્ક લેખિત પરીક્ષા ના વર્ગ હારીજ ખાતે પાર્થ અને વેલકમ કોમ્પ્યુટર ખાતે શરૂ કરવામાં આવ્યા જેમાં ઠાકોર સમાજના શિક્ષિત યુવાન સંજયભાઈ ઠાકોર તથા મુકેશજી ઠાકોર ના સહયોગ થકી પોલીસ ભરતીના ક્લાસ નું ઓપનિંગ કરવામાં આવ્યું આ જેમાં આજે પ્રથમ લેકચર અશ્વિનભાઈ કડીયા દ્વારા આપવા માં આવ્યુ હતુ.જેમાં પાટણ જિલ્લા ભાજપા અધ્યક્ષ દશરથજી ઠાકોર સાહેબ દ્વારા દરેક પરિક્ષાર્થી નો ઉત્સાહ વધારવા ચોપડા તેમજ પેન વિતરણ કરી પોલીસ ભરતીની તૈયારી કરતા દરેક સમાજના વિધાર્થીઓને કોઈ પણ પ્રકારની જરૂરિયાત પૂરી કરશે એવું જણાવતા વિધાર્થીઓને પ્રોત્સાહિત કરી પોલીસ ભરતીમાં સફળતા પ્રાપ્ત કરી આગળવધે એવી શુભેચ્છા પાઠવી હતી આ પ્રસંગે ક્ષત્રિય ઠાકોર સેનાના પ્રમુખ બચુજી ઠાકોર ,જગદીશભાઈ પોલીસ તેમજ પ્રવીનજી ટ્રાફિક ઈન્ચાર્જ હારીજ વગેરે ઉપસ્થિ રહી પરિક્ષાર્થી વિધાર્થીઓનો ઉત્સાહ વધાર્યો હતો






### કલેક્ટર શ્રીએ પ્રતિકાત્મક સ્વરૂપે ૪ દિકરીઓને 'વ્હાલી દિકરી યોજના'ના સર્ટિફિકેટ આપીને અભિનંદન પણ પાઠવ્યા

# અમદાવાદ જિલ્લા કલેક્ટર કચેરી ખાતે જિલ્લા કલેક્ટર શ્રી સંદિપ સાગલેની અધ્યક્ષતામાં 'રાષ્ટ્રીય બાલિકા દિવસ'ની ઉજવણી

**રાજ્ય અને કેન્દ્ર સરકાર દ્વારા દિકરી અને મહિલા સશક્તિકરણને લઇનેકરાયેલી યોજનાઓનો લાભ મહિલાઓ અને દિકરીઓએ લેવો જોઇએ :- શ્રી સંદિપ સાગલે**




આઝાદી કા અમૃત્ત મહોત્સવ અંતર્ગત 'રાષ્ટ્રીય બાલિકા દિવસ' નિમિત્તે અમદાવાદ જિલ્લા કલેક્ટર કચેરી ખાતે જિલ્લા કલેક્ટર શ્રી સંદિપ સાગલેની અધ્યક્ષસ્થામાં 'રાષ્ટ્રીય બાલિકા દિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી.

દિકરા-દિકરીઓની સંખ્યા વચ્ચે પ્રવર્તતી અસમાનતા અને બાલિકાઓના શિક્ષણ, પોષણ, સ્વાસ્થ્ય સુવિધાઓ, કાનૂની અધિકારો અંગે જાગરૂકતા વધારવા માટે ૨૪ જાન્યુઆરીનો દિવસ દેશભરમાં 'રાષ્ટ્રીય બાલિકા દિવસ' તરીકે ઉજવવામાં આવે છે.

આ અવસરે રાષ્ટ્રીય બાલિકા દિવસની શુભકામનાઓ પાઠવતા કલેકટરશ્રી સંદિપ સાગલેએ કહ્યું કે, રાજ્ય અને કેન્દ્ર સરકાર દ્વારા દિકરી અને મહિલા સશક્તિકરણને લઈને ઘણી યોજનાઓ અમલમાં મૂકાઈ છે, જેનો લાભ અમદાવાદ જિલ્લા સહીત રાજ્યની તમામ મહિલાઓ અને દિકરીઓએ લેવો જોઈએ.

આ અવસરે અમદાવાદ જિલ્લા કલેક્ટર કચેરી ખાતે કલેક્ટર શ્રીએ પ્રતિકાત્મક સ્વરૂપે ૪ દિકરીઓને 'વ્હાલી દિકરી યોજના'ના સર્ટિફિકેટ આપીને અભિનંદન પણ પાઠવ્યા હતા.

તદઉપરાંત કોરિયામાં આયોજીત જૂડો સ્પર્ધામાં દેશ માટે સિલ્વર મેડલ જીતનાર નેશનલ મેડાલિસ્ટ સપના નાયકરને પણ કલેક્ટર શ્રી દ્વારા સન્માનિત કરાઇ હતી.

આ અવસરે મહિલા અને બાળ કલ્યાણ અમદાવાદ કચેરીના દહેજ પ્રતિબંધક અધિકારી શ્રી (પ્રોક્ટ્રેશન ઓફિસર), મહિલા શક્તિ કેન્દ્ર યોજનાના મહિલા કલ્યાણ અધિકારીશ્રી તેમજ જિલ્લા કોર્ડિનેટર પણ ઉપસ્થિત રહ્યા હતા.

## રાજકોટના દિવ્યાંગ ઈન્ટરનેશનલ સ્વિમર મંત્રએ વડાપ્રધાનને ઘરે આમંત્રિત કર્યા

રાજકોટ,તા.૨૪

બાળ પુરસ્કાર એવાં બાળકોને આપવામાં આવે છે, જે અસાધારણ ક્ષમતાઓ ધરાવતા હોય અથવા જેમને ઈનોવેશન, એકેડેમિક્સ, સ્પોર્ટ્સ, આર્ટ્સ, કલ્ચર, સોશિયલ સર્વિસ, બહાદુરી સહિત અન્ય ક્ષેત્રોમાં વિશેષ ઓળખ મળી હોય.રાજકોટના દિવ્યાંગ ઈન્ટરનેશનલ સ્વિમર મંત્ર હરખાણીએ ૨૦૧૯માં અબુધાબીમાં યોજાયેલી સ્પેશિયલ ઓલમ્પિક્સમાં સ્વિમિંગ સ્પર્ધામાં બે ગોલ્ડ મેડલ જીત્યા હતા. આજે બાળ પ્રતિભા પુરસ્કાર આપવામાં આવ્યા હતા. ત્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મંત્ર સાથે ઓનલાઈનના માધ્યમથી ૨ મિનીટ સુધી ગુજરાતીમાં વાત કરી હતી. મંત્રની માતાએ જણાવ્યું હતું કે, વડાપ્રધાને મંત્રને કહ્યું કે, મંત્ર કેમ છો મજામાં ને, તું મારી સાથે શું કરીશ તો મંત્રએ જવાબ આપ્યો હતો કે, હું તમારી સાથે જલેબી-ગાંઠિયા ખાઈશ.

તમે ગુજરાત આવો ત્યારે અમારા ઘરે આવજો અને આપણે બંને સાથે જલેબી-ગાંઠિયા ખાઈશું. વડાપ્રધાને પણ મંત્રનું આમંત્રણ સ્વીકાર્યું છે. તેઓ ગુજરાત આવે ત્યારે અમે આશા રાખીએ છીએ કે, પર્સનલી મળી શકીએ. રાજકોટ કલેક્ટર કચેરી ખાતે બાળ પ્રતિભા પુરસ્કારનો વર્ચ્યુઅલ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં દેશભરમાંથી દિવ્યાંગ બાળ પ્રતિભાઓ વડાપ્રધાન સાથે જોડાઈ હતી. ગુજરાતમાંથી રાજકોટના મંત્ર સાથે વડાપ્રધાને વાત કરી હતી. બાદમાં કલેક્ટર અરૂણ મહેશ બાબુના હસ્તે મંત્રને બાળ પ્રતિભા પુરસ્કારના રૂપે ૧ લાખ અને સર્ટિફિકેટ આપવામાં આવ્યું હતું. દર વર્ષે બાળ વિકાસ મંત્રાલય અંતર્ગત વડાપ્રધાન બાળ પ્રતિભા એવોર્ડ આપવામાં આવે છે. મંત્રએ જણાવ્યું હતું કે, મેં વડાપ્રધાન સાથે વાત કરી તેનાથી ખુશ છું. મંત્રીના પિતા જીતેન્દ્રભાઈએ જણાવ્યું હતું કે, મંત્રની ઉંમર ૧૭ વર્ષની છે. જયારે તેનો જન્મ થયો ત્યારથી જ અમને ખબર હતી કે, તે બોર્ન ડાઉન સિન્ડ્રોમ બોય છે.

### માણાવદર તાલુકાના ભાદર કાંઠાના

# ગામોની જમીન ધોવાણ અટકાવવા ભાદરકાંઠો બાંધવા કોંગ્રેસે રજૂઆતો કરી



માણાવદર તાલુકાના ૫૭ ગામોમાંથી બાટવાની પૂર્વ નૈત્રત્ય વાયવ્ય દિશાના ગામડાઓ જેવા કે કોડવાવ, થાપલા, સમેગા, અને ભલગામ જેવા ગામડાઓ ઘેડ વિસ્તારના ગણાય છે અને ખાસ કરીને ચીખલોદ્રા, દેશીન્ગા, મરમઠ, સરાડીયા, વેકરી, વડા, ગણા, ભીંડોરા ઈન્દ્રા, લીબુડા અને કુતિયાણા તાલુકાના થેપડા, માંડવા, કટવાણા અને કંટોલ વગેરે ગામો ભાદર કાંઠે વસેલા હોય જેથી દર ચોમાસે ભાદર નદી ભાદર ડેમમાં પાણીનો ભરાવો થાય છે અને આ ગામોમાં તેના પાણી ફરી વળવાના કારણે ખેડૂતોના પાકને જમીન ધોવાણના કારણે ભારે નુકસાન થાય છે. આ સમસ્યાના નિવારણ માટે વડા ગામના કોંગ્રેસ આગેવાન હરિભાઈ ગોવિંદભાઈ કણસાગરા, જિલ્લા કોંગ્રેસ પ્રમુખ નટુભાઇ પોકિયા, જિલ્લા કોંગ્રેસ ઉપપ્રમુખ અરવિંદભાઈ લાડાણી, જીગ્નેશભાઈ છૈયા માણાવદર તાલુકા કોંગ્રેસ પ્રમુખ, શહેર કોંગ્રેસ પ્રમુખ વિજયભાઈ ઝાટકીયા, જિલ્લા કોંગ્રેસ મહામંત્રી વી.ટી.સીડા, વંથલીના કોંગ્રેસ અગ્રણી સિરાજ વાજા વગેરે એ મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલને એક આવેદન પત્ર પાઠવી જણાવ્યું છે કે છેલ્લા ત્રણ વર્ષમાં ભારે વરસાદને કારણે ભાદર કાંઠા ના તમામ ગામોની જમીન નું પુષ્કળ ધોવાણ થયું છે માટે આગોતરા આયોજન રૂપે આ ગામોની જમીન ધોવાણ અટકાવવા ભાદર કાંઠો બાંધી અને ઘેડ પંથકમાં આ ગામોને કાયમી ધોરણે સમાવી લેવા તે ભાદર કાંઠાને સિમેન્ટ કોંક્રીટ થી બાંધી લેવો.તથા ભાદર ડેમ ૧ અને ૨ તથા મોજ ડેમ વેણુ ડેમ અને ફોફર ડેમ નું પાણી ઉપલેટાથી એક સાથે સિંચાઇ ખાતા દ્વારા ભાદર નદીમાં છોડવામાં આવતું હોવાથી મોટી ખુવારી થઇ રહી છે તેથી આ નિયમોમાં ફેરફાર કરી વારા ફરતી પાણી છોડવા કોંગ્રેસ અગ્રણીઓએ માંગ કરી છે.

તદ ઉપરાંત કોંગ્રેસ અગ્રણીઓએ વધુમાં જણાવ્યું છે કે ભુખી ભાદર ડેમ ૨ માં પાણી હોવાથી ઉપરોક્ત ગામોને કેનાલ લંબાવી પાણી પહોંચાડવામાં આવે તો ખેડૂતો શિયાળું, ઉનાળું પાક લઈ શકે.વર્ષ ૨૦૨૧ માં ભારે વરસાદને કારણે તથા ડેમના પાણીને કારણે આ ગામોની જમીન ધોવાણ ગઈ છે જેથી તેમનો સર્વે કરાવી ખેડૂતોને વહેલીતકે યોગ્ય વળતર આપવા તેમણે માંગણી કરી છે

તસવીર - અહેવાલ- જીગ્નેશ પટેલ માણાવદર

# અંબાજીમાં ત્રાસથી કંટાળીને મહિલાએ જીવન ટૂંકાવ્યું,૭ સામે ફરિયાદ

બનાસકાંઠા બ્યુરો

રિપોર્ટ : દીલીપ ગોહીલ

યાત્રાધામ અંબાજીમા છેલ્લાં કેટલાંક સમયથી માથાભારે તત્વોનો ત્રાસ વધવા પામ્યો છે. આ ધામમા ઘણાં માથાભારે વેપારીઓ કરોડપતિ થવાની લાહ્યમા ઊંચા વ્યાજે નાણાં આપીને પઠાણી ઉઘરાણી કરી રહ્યા છે. જે અંબાજીના સામાન્ય લોકો માટે નુકશાનરૂપ છે. ૨૩ જાન્યુઆરીના રોજ અંબાજી આઠ નંબર પ્રજાપતિ ધર્મશાળા પાસે જય અંબે ફ્લેટના ત્રીજા માળે ભાડે રહેતી મહિલાએ અંબાજીના માથાભારે વ્યાજખોરોના ત્રાસથી ઝેર પીને આત્મહત્યા કરતા ખળભળાટ મચી જવા પામ્યો છે.અંબાજી પોલીસ સ્ટેશનથી મળતી માહિતી પ્રમાણે અંબાજી આઠ નંબર વિસ્તારના ફ્લેટમા રહેતા રામભાઇ રાવળની પત્ની પોતાનાં પરિવાર સાથે રહેતા હતા. એક વર્ષ અગાઉ પોતાનાં પતિને હૃદયરોગનો હુમલો આવતા તેમને અંબાજીના ૭ લોકો પાસે ૩૦ ટકા ઊંચા વ્યાજે નાણાં લીધા હતા. ત્યારબાદ અંબાજીના માથાભારે ૭ લોકો અવારનવાર મૃતક મહિલાને ઘરે જઈને ધમકીઓ આપતાં હતા. આ બાબત લાગી આવતાં મૃતક મહિલા સવિતાબેનએ અંબાજીમાંથી ઝેરની બોટલ લાવી હતી. ૨૩ જાન્યુઆરીના રોજ વ્યાજખોરોના ત્રાસથી કંટાળીને ઝેર પીને આત્મહત્યા કરી હતી.

મૃતક મહિલાના પરીવારે અંબાજી સીવીલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. ત્યારબાદ તબિયત વધુ લથડતાં તેમને પાલનપુર સારવાર માટે ખસેડવામાં આવી હતી જેમાં તેમનું સારવાર દરમિયાન મૃત્યુ થયું હતું. જેમા મૃતક ના પુત્ર આશિષભાઈ રાવળે અંબાજીના

૧.સુરેશભાઈ ચંદુભાઈ ઠાકોર

૨.લક્ષ્મી બેન ચંદુભાઈ ઠાકોર

૩.શીતલબેન ચંદુભાઈ ઠાકોર

૪.મિતભાઈ નરેશભાઈ માળી

૫.તેજલબેન મીતભાઈ માળી

૬.રાજુભાઇ ભાટિયા

૭.મમતાબેન વણઝારા

તમામ રહે. અંબાજી ના માથાભારે તત્વો વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવી છે. મૃતક મહિલા એ આત્મહત્યા કરતા પહેલા ચિઠ્ઠી લખી હતી. અંબાજી પોલીસ વધુ તપાસ ચલાવી રહી છે.

## વાવની સગીરાનું અપહરણ કરી ધમકી આપી દુષ્કર્મ આચરતાં ચકચાર

બનાસકાંઠા બ્યુરો

રિપોર્ટ : દીલીપ ગોહીલ

વાવ પંથકની એક સગીરાને લગ્ન કરવાના ઈરાદે જાનથી મારી નાખવાની ધમકી આપી અપહરણ કરી સગીરા પર દુષ્કર્મ આચરતાં ચકચાર મચી ગઇ છે. જ્યારે પોલીસે યુવકની અટકાયત કરી છે. આ અંગે વાવ પોલીસ મથકે યુવક સામે ફરિયાદ નોંધાવતાં પાલીસે ગુનો નોંધ્યો છે. આ અંગેની વિગત એવી છે કે, વાવ તાલુકાના નવાવાસ (ખીમાણાવાસ) ગામનો વેણ સમાજનો યુવક વાવ પંથકની સગીરાને લગ્ન કરવાના ઈરાદે જાનથી મારી નાખવાની ધમકી આપી અપહરણ કરી ભગાડી ગયો હતો.

ત્યારબાદ સગીરાને જાનથી મારી નાખવાની ધમકી આપી દુષ્કર્મ આચરતાં ચકચાર મચી ગઇ છે. જ્યારે સગીરાની માતાએ વાવ પોલીસ મથકે પરેશભાઇ રમેશભાઇ વેણ (રહે. નવાવાસ (ખીમાણાવાસ) નામના શખ્સ સામે ફરિયાદ નોંધાવતા પોલીસે યુવકની અટકાયત કરી વધુ તપાસ હાથ ધરી છે.

## દાહોદ જિલ્લાકક્ષાની ૨૬મી જાન્યુઆરીની ઉજવણીની પૂર્વ તૈયારીઓના ભાગરૂપે રિહર્સલ યોજાયું



પ્રતિનિધી દાહોદ, તા. ૨૪

દાહોદ જિલ્લામાં રાષ્ટ્રીય પર્વ પ્રજાસત્તાક દિનની જિલ્લા કક્ષાની ઉજવણી દાહોદ નગરના પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે કલેક્ટર ડો. હર્ષિત ગોસાવીની અધ્યક્ષતામાં યોજવામાં આવશે. પ્રજાસત્તાક પર્વની ઉજવણીની પૂર્વતૈયારીના ભાગરૂપે પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે રિહર્સલ કરવામાં આવ્યું હતું.

નિવાસી અધિક કલેક્ટર એ.બી.પાંડોરએ આ અંગેની પૂર્વતૈયારીનું નિરીક્ષણ કર્યું હતું અને ઉપસ્થિત અધિકારીઓને જરૂરી સૂચનો કર્યા હતા. મદદનીશ પોલીસ અધિક્ષક વિજયસિંગએ ઉજવણીમાં સામેલ થનારા સુરક્ષા દળનાં જુદી-જુદી પ્લાટુન્સને માર્ગદર્શન આપ્યું હતું. આ વેળાએ નાયબ વનસંરક્ષક, દાહોદનાં પ્રાંત અધિકારી સહિતના અધિકારીઓ-કર્મચારીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

દાહોદ જિલ્લામાં આગામી પ્રજાસત્તાક દિનની ઉજવણી નિયત સંખ્યામાં કોરોના ગાઈડલાઈનના ચુસ્ત પાલન સાથે કરવામાં આવશે. કોરોનાની વર્તમાન સ્થિતિને ધ્યાને રાખીને સાંસ્કૃતિક કાર્યક્રમો, કર્મયોગીઓનું સન્માન, રમતવીરોના સન્માન મોકુફ રખાયા છે અને સમગ્ર કાર્યક્રમ નિયત સમયમર્યાદામાં પૂર્ણ કરવાનું આયોજન કરવામાં આવ્યું છે.

મયુર રાઠોડ દાહોદ

### વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે વાતાવરણમાં આવેલા પલટાને લીધે

# ગુજરાતમાં ૩ દિવસ કોલ્ડ વેવની આગાહી



અમદાવાદ,તા.૨૪

અમદાવાદ સહિત ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે વાતાવરણમાં આવેલા પલટાને લીધે લઘુત્તમ તાપમાનનો પારો ઊંચકાયો હતો. જેના કારણે છેલ્લા બે ત્રણ દિવસથી ગરમી અને ઉકળાટનો વર્તારો અનુભવાયો હતો. પરંતુ આજે અચાનક વહેલી સવારથી જ ઠંડો પવન અને શીત લહેર પ્રસરતા અમદાવાદ સહિત રાજયના નાગરિકો ધ્રૂજી ઊઠયા હતા. અમદાવાદ શહેરમાં આજે ઠંડીનું મોજું ફી વળ્યું હતું દિવસ દરમિયાન પણ ઠંડીથી બચવા માટે લોકો ગરમ વસ્ત્રોમાં લપેટાયા હતા. મોડી સાંજથી શહેરમાં ગાત્રો થીજવતી ઠંડીમા લોકો તોબાહ પોકારી ઊઠયા હતા. આગામી બે દિવસ અમદાવાદ સહિત રાજ્યનાં વિવિધ શહેરોમાં હાડ થીજવતી ઠંડી પડવાના હવામાન ખાતા દ્વારા સંકેતો અપાયા છે. હવામાન વિભાગની આગાહી મુજબ, સૌરાષ્ટ્રના કચ્છ, ભાવનગર, પોરબંદર, રાજકોટ, સુરેન્દ્રનગર, જૂનાગઢમાં મધ્ય ગુજરાતના અમદાવાદ, ગાંધીનગર તથા ઉત્તર ગુજરાતના બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંઠામાં કોલ્ડવેવની આગાહી કરવામાં આવી છે. ઠંડા પવન ફૂંકાવાના કારણે બાળકો, પ્રેગ્નેન્ટ મહિલા તથા કોમોર્બિડ વૃદ્ધોને ખાસ સાવચેતી રાખવા કહેવાયું છે. ઠંડીમાં શક્ય હોય તો બહાર જવાનું ટાળવું જોઈએ. એક લેયરના ભારે અને ટાઈટ કપડા પહેરવાની જગ્યાએ ઉનના એકથી વધુ લેયરના ખુલ્લા કપડા પહેરવા જોઈએ. તમારા હાથ, ગરદન, માથું અને પગને કવર કરીને રાખો. ઉત્તર ગુજરાતમાં ઉત્તર-પૂર્વીય ઠંડા પવન ફૂંકાવાનું ફરી શરૂ થયું હતું. પ્રતિ કલાકે ૧૨ કિલોમીટરની ઝડપે ફૂંકાયેલા પવનના કારણે રાત્રીનું તાપમાન સાડા ૭ ડિગ્રી ઘટ્યું હતું. જ્યારે દિવસનું તાપમાન પોણા ૫ ડિગ્રી સુધી ઘટ્યું હતું. જેને લઇ ઠંડીનો પારો ૧૧ થી ૧૩.૩ ડિગ્રીની વચ્ચે, જ્યારે દિવસનો પારો ૨૧ થી ૨૨ ડિગ્રી વચ્ચે રહ્યો હતો.આગામી ૭૨ કલાકમાં ઠંડી ૨થી ૪ ડિગ્રી વધશે. આ સાથે ૪૮ કલાક સુધી મહેસાણા, પાટણ, બનાસકાંઠા અને સાબરકાંઠા જિલ્લામાં ઠંડા પવનો ફૂંકાશે. જેને લઇ ચારેય જિલ્લામાં યલો એલર્ટ અપાયું છે.ઉત્તર પશ્ચિમના ઠંડા પવન સીધા આવતા શહેર સહિત રાજ્યમાં કોલ્ડવેવની અસર શરૂ થઈ છે અને આગામી ત્રણ દિવસ સૌરાષ્ટ્ર સહિત રાજ્યના મોટા ભાગના વિસ્તારોમાં તેની અસર વર્તાશે. વિવિધ શહેરોનું લઘુતમ તાપમાન ૭થી ૧૨ ડિગ્રી ઘટ્યું હતું. હવામાન વિભાગના જણાવ્યા મુજબ ઉત્તરના સીધા ઠંડા પવનની અસર સૌથી વધુ અસર અમદાવાદ, ગાંધીનગર, બનાસકાંઠા, પાટણ, મહેસાણા, કચ્છ, ભાવનગર, રાજકોટ, પોરબંદર, સુરેન્દ્રનગર, જૂનાગઢ જિલ્લામાં રહેશે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.